dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 29 । AD - 2026, Aso Vad-04 । Thursday, Dt. 29-10-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ઓડિશાના અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ : ૩૦ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા, ઝારખંડમાં ભારે વરસાદની ચેતવણી

ચક્રવાત અર્નબનો કહેર: આંધ્રપ્રદેશમાં ત્રણનાં મોત, વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી

નવી દિલ્હી, તા.૨૮

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલા ચક્રવાત અર્નબે આંધ્રપ્રદેશમાં ભારે તબાહી મચાવી છે. વાવાઝોડાને કારણે ત્રણ લોકોનાં મોત થયાં છે, ૩૧ મકાનોને નુકસાન પહોંચ્યું છે અને અનેક વૃક્ષો તથા વીજળીના થાંભલા ધરાશાયી થયા છે. ભારે પવન અને વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વાહનવ્યવહાર ખોરવાયો છે. ઓડિશા અને ઝારખંડમાં પણ વાવાઝોડાની અસરને પગલે વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ના ઈન્સ્પેક્ટર જનરલ નરેન્દ્ર સિંહ બુંદેલાએ જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશના ઉત્તરીય વિસ્તારો અને ઓડિશાના દક્ષિણ ભાગોમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે.

ચક્રવાત દરિયાકાંઠે ત્રાટક્યા બાદ ધીમે ધીમે નબળું પડી રહ્યું છે. બચાવ અને રાહત કામગીરી માટે સંબંધિત રાજ્યોમાં ટીમો તૈનાત કરવામાં આવી છે. દરમિયાન, આંધ્રપ્રદેશના અંતર્વેદી નજીક સલ્ફર વહન કરતું માલવાહક જહાજ એન્જિનમાં ખામી સર્જાતાં માર્ગ ભટકીને છીછરા પાણીમાં ફસાઈ ગયું હતું. બંદર અધિકારીઓ અને દરિયાઈ એજન્સીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. ઓડિશામાં ચક્રવાતની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને ૩૦ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. મલકાનગિરી, કોરાપુટ, નબરંગપુર, રાયગડા, ગજપતિ અને કાલાહાંડી જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કેટલાક વિસ્તારોમાં ૨૦ સેન્ટિમીટરથી વધુ વરસાદ અને ૬૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે



પવન ફૂંકાવાની શક્યતા છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનનું જોખમ પણ વ્યક્ત કરવામાં આવ્યું છે. ઝારખંડમાં રાંચી સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગે રાંચી, ખૂંટી, સિમડેગા, ગુમલા અને અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. સાવચેતીના પગલાંરૂપે રાંચી અને લોહરદગા જિલ્લામાં ૨૯ અને ૩૦ ઓક્ટોબરે કેજી થી ધોરણ ૧૨ સુધીના વર્ગો મુલતવી રાખવામાં આવ્યા છે.

ચક્રવાતની અસરને કારણે વિશાખાપટ્ટનમ, વિજયવાડા અને રાજમુન્દ્રીમાં હવાઈ સેવાઓ પણ ખોરવાઈ છે. કેટલીક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મુસાફરોને એરપોર્ટ જતાં પહેલાં ફ્લાઇટની સ્થિતિ તપાસવાની સલાહ આપી છે. યાનમમાં એનડીઆરએફની ટીમો રસ્તાઓ પર પડેલાં વૃક્ષો અને કાટમાળ દૂર કરવાની કામગીરી કરી રહી છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સતર્ક રહેવા અને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

ચક્રવાત અર્નબને કારણે આવેલા ભારે પવનથી ઘણા વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી ગયા. ઘરોને પણ નુકસાન થયું અને અનેક વિસ્તારોમાં ટ્રાફિક ખોરવાઈ ગયો.

આ પછી, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો પુડુચેરીના યાનમમાં રાહત અને સફાઈ કામગીરી હાથ ધરી રહી છે. બચાવ ટીમો રસ્તાઓ અને ઘરો પર પડેલા વૃક્ષો અને કાટમાળને દૂર કરવામાં રોકાયેલી છે.



જિયોના શેરબજારમાં લિસ્ટિંગના ઐતિહાસિક દિવસે અનંત અંબાણીનું ભાવુક સંબોધન : "જિયો તમે બનાવ્યું છે"





મુંબઈ,તા.૨૮

જિયોના શેરબજારમાં લિસ્ટિંગના ઐતિહાસિક દિવસે અનંત અંબાણીએ પોતાના સંબોધનની શરૂઆત "જય કૃષ્ણ"ના અભિવાદન સાથે કરી હતી. તેમણે શેરધારકો, ભાગીદારો, સલાહકારો અને સ્ટોક એક્સચેન્જના મિત્રોને આવકારતાં કહ્યું કે આજના દિવસે સૌથી મહત્ત્વનો શબ્દ "કૃતજ્ઞતા" છે. જિયોમાં વિશ્વાસ મૂકનારા અને આ દિવસને શક્ય બનાવનારા કરોડો ભારતીયોનો તેમણે હૃદયપૂર્વક આભાર માન્યો હતો.સ્ટોક એક્સચેન્જમાં વાગનારી ઘંટડીના નાદને તેમણે મંદિરની ઘંટડીના પવિત્ર નાદ સમાન ગણાવ્યો. તેમના માટે વ્યવસાય એક યજ્ઞ છે અને દરેક યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસાદથી થાય છે. આ પવિત્ર દિવસને તેમણે ભગવાન ગણેશજી, દ્વારકાધીશ, નાથજી, બાલાજી અને જીવંત દેવી સમાન ભારતમાતાના ચરણોમાં સમર્પિત કર્યો હતો.અનંત અંબાણીએ કહ્યું કે ભારતની સૌથી મોટી મૂડી તેનાં સપનાં છે. અહીં દરેક વ્યક્તિનું પોતાનું એક સપનું છે. કોઈના હાથ ખાલી હોઈ શકે, પરંતુ તેની આંખો ક્યારેય સપનાં વિનાની હોતી નથી.વર્ષો પહેલાં ચોરવાડના એક સામાન્ય ઘરમાંથી પણ એક સપનાનો જન્મ થયો હતો. એડનમાં પેટ્રોલ પંપ પર નોકરી કરતા એક યુવાન પાસે ન પૈસા હતા, ન કોઈ ઓળખાણ. એ યુવાન એટલે તેમના દાદા ધીરુભાઈ અંબાણી, જેમણે દુનિયાને બતાવ્યું કે એક સામાન્ય ભારતીય પણ અસાધારણ સપનાં જોઈ શકે છે અને તેને સાકાર પણ કરી શકે છે.ત્યારબાદ તેમના પિતાએ ભારત કોઈનાથી પાછળ ન રહે તેવું સપનું જોયું. જામનગરની ઉજ્જડ ગણાતી ધરતી પર વિશ્વની સૌથી મોટી રિફાઈનરી ઊભી કરીને તેમણે આ સપનું સાકાર કર્યું. એ પછી નવા ભારતનું સપનું જિયોના રૂપમાં આવ્યું. આ સપનાનું બીજ ઈશા અંબાણીએ વાવ્યું અને આકાશ અંબાણીએ તેને પોતાના સપનામાં પરિવર્તિત કર્યું હતું. અનંત અંબાણીએ કહ્યું કે જ્યારે આખી દુનિયા થંભી ગઈ હતી અને શાળાઓ બંધ હતી, ત્યારે પણ શિક્ષણ અટક્યું નહોતું. દીકરો ઘર છોડીને શહેરમાં ગયો હોય, તો પણ માતા વીડિયો કૉલ પર શાકભાજીનો રંગ જોઈને રાંધવાની રીત સમજાવી શકતી હતી. આજે ભગવાનનાં દિવ્ય દર્શન પણ ઘેર બેઠાં થઈ શકે છે.તેમણે નાના શહેરની યુવતી અને હાથમાં મોબાઈલ ફોન ધરાવતા લાખો લોકોનો ઉલ્લેખ કર્યો, જેમને "ઇન્ટરનેટ આધારિત ઉદ્યમીઓ" તરીકે ઓળખાવી શકાય. સરહદ પર તહેનાત જવાન વીડિયો કૉલ પર પરિવારને કહે છે કે "હું ઠીક છું", અને મુંબઈના એક નિષ્ણાંત તબીબ રાજસ્થાનના પાલીના ગંભીર દર્દીને જીવનદાન આપે છે. આ બધાની વચ્ચે જોડતી કડી જિયો છે. સંબોધનના અંતે અનંત અંબાણીએ "જય હિંદ, જય કૃષ્ણ અને આભાર ભારત" કહીને પોતાની મોટી બહેન ઈશા અંબાણીને વિચારો રજૂ કરવા આમંત્રણ આપ્યું હતું.

૫૩ કરોડ જિયો પરિવારજનોને વંદન

જિયો પર વિશ્વાસ મૂકનારા ૫૩ કરોડ સભ્યોને તેમણે સૌથી પહેલાં વંદન કર્યાં. તેમણે કહ્યું કે જિયો તમે બનાવ્યું છે અને તમારાં સપનાં સાકાર કરવાં એ જ અમારું સપનું છે. ઈશા, આકાશ અને પોતે અલગ વ્યક્તિઓ તરીકે ઊભાં હોવા છતાં તેમની આત્મા અને સંકલ્પ એક છે, અને તે છે ભારતનાં સપનાંનું સન્માન કરવું અને તેને સાકાર કરવાં.

કર્મચારીઓ અને વડાપ્રધાનનો આભાર

ફાઇબર ટીમના સભ્યો, વરસાદ અને કાળઝાળ ગરમીમાં ટાવર પર ચઢીને કામ કરતા ટેકનિશિયનો, એન્જિનિયરો, સેવા કર્મચારીઓ, સ્ટોર ટીમો અને રિટેલ ભાગીદારો તથા તેમના પરિવારજનોનો પણ તેમણે આભાર માન્યો. તેમણે કહ્યું કે જિયો આજે જે કંઈ છે તે આ સૌના અથાગ પરિશ્રમને કારણે છે.ડિજિટલ ભારતના સંકલ્પને દિશા આપનારા વડાપ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદી પ્રત્યે પણ તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આવતીકાલ ભારતની છે અને ભારતની આવતીકાલ તેના યુવાનોની છે. વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા તેઓ સૌથી આગળ ઊભા રહેશે.

૫૩ કરોડ જિયો પરિવારના સભ્યો, કર્મચારીઓ અને વડાપ્રધાનનો આભાર માનીને અનંત અંબાણીએ કૃતજ્ઞતા, સપનાં અને સંકલ્પની વાત કરી

પંજાબ વિધાનસભામાં કોંગ્રેસ અને 'આપ'ના ધારાસભ્યો વચ્ચે ધક્કામુક્કી

પંજાબ,તા.૨૮




પંજાબ વિધાનસભામાં કોંગ્રેસ અને 'આપ'ના ધારાસભ્યો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થતાં ભારે હોબાળો મચ્યો હતો. વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાના નેતૃત્વમાં કોંગ્રેસના ધારાસભ્યોએ ઝાડુ સળગાવીને વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન ધક્કામુક્કી અને બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. ભાજપ નેતા રવનીત બિટ્ટુએ પણ દારૂની બોટલ સાથે પહોંચી મુખ્યમંત્રી ભગવંત માન સામે વિરોધ દર્શાવ્યો હતો.

ટ્રાન્સજેન્ડર સુધારા કાયદાની અરજી મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો

નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) સુધારા અધિનિયમ, ૨૦૨૬ને પડકારતી જાહેર હિતની અરજી (PIL) સંદર્ભે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે. 'મહિલા ઘોષણા આંતરરાષ્ટ્રીય ભારત' સંગઠન દ્વારા દાખલ કરાયેલી આ અરજીમાં ટ્રાન્સજેન્ડર સમાજના અધિકારોના રક્ષણ સાથે મહિલાઓના બંધારણીય અને કાયદાકીય વિશેષ અધિકારો જાળવી રાખવા માગ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, કાયદા મંત્રાલય અને આરોગ્ય મંત્રાલયને નોટિસ પાઠવી છે. અરજદાર પક્ષ તરફથી વરિષ્ઠ વકીલ અખિલ સિબ્બલે જણાવ્યું હતું કે મહિલાઓ માટે અનામત બેઠકો, મહિલા જેલની વ્યવસ્થા, રમતગમત સ્પર્ધાઓ અને પોલીસ કાર્યવાહીમાં મળતી સુરક્ષા જેવા મુદ્દાઓ પર સ્પષ્ટતા જરૂરી છે. તેમણે ઉમેર્યું કે આ અરજી ટ્રાન્સજેન્ડર અધિકારોની વિરુધ્ધ નથી, પરંતુ બંને પક્ષો વચ્ચે યોગ્ય સંતુલન જાળવવા માટે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પેન્ડિંગ અરજીઓ સાથે આ નવી ચિંતાઓનો સમાવેશ કરીને ટૂંક સમયમાં પોતાનો પક્ષ રજૂ કરશે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર,તા.૨૯-૧૦-૨૦૨૬

સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે અમરેલીમાં મહારક્તદાન કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૮



અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે અમરેલીમાં માનવતાની સેવા અને જીવનરક્ષાના ઉમદા હેતુ સાથે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સરદાર પટેલ સેવાદળ (SPG) અને અમરેલી નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ સેવા યજ્ઞમાં જરૂરિયાતમંદ દર્દીઓ, અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો અને થેલેસેમિયાથી પીડિત બાળકોને મદદરૂપ થવાના હેતુથી નાગરિકોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.રક્તદાન એ માનવતાની મહાન સેવા છે. હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા અનેક દર્દીઓ માટે સમયસર રક્ત ઉપલબ્ધ થવું જીવન બચાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને નિયમિત રક્તની જરૂરિયાત ધરાવતા થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રક્તદાતાઓનું યોગદાન આશીર્વાદરૂપ બને છે. આ જ ભાવનાને કેન્દ્રમાં રાખીને અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને એકસાથે જોડીને આ મહારક્તદાન કેમ્પ યોજવામાં આવી રહ્યો છે.આ આયોજન અંતર્ગત આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ચાર અલગ-અલગ સ્થળોએ રક્તદાન કેન્દ્રો કાર્યરત રહેશે.

જેમાં જેશીંગપરા સ્થિત નીલકંઠ ચોકના ટાઉનહોલ, હીરામોતી ચોક ખાતે આવેલી પટેલવાડી, જૂના માર્કેટ યાર્ડમાં આવેલો કોમા હોલ તેમજ ચિત્તલ-જશવંતગઢ ખાતે આવેલી માંગરોળીયા પરિવારની વાડીનો સમાવેશ થાય છે. આ ચારેય સ્થળોએ રક્તદાતાઓ માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવશે, જેથી લોકો પોતાના નજીકના કેન્દ્ર પર પહોંચીને સરળતાથી રક્તદાન કરી શકે.આ ઉપરાંત, તા. ૧ નવેમ્બર, ૨૦૨૬, રવિવારના રોજ સાંજે જૂના માર્કેટ યાર્ડમાં આવેલી હોટેલ લોર્ડ્સ ખાતે પી. પી. સોજીત્રાની ભવ્ય રક્તતુલાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સરદાર પટેલ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ, સૌરાષ્ટ્ર અધ્યક્ષ અલ્પેશભાઈ રાખ, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ (અમરેલી-ભાવનગર જિલ્લો) ભૂપત સાવલીયા અને સંયોજક રાજુભાઈ ઝાલાવાડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી આયોજનને માર્ગદર્શન આપશે. આ મહારક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે સર્વ સમાજ, જ્ઞાતિ મંડળો, સામાજિક અને યુવા સંગઠનો, વિવિધ ટ્રસ્ટો તથા જિલ્લાભરના નાગરિકોને પક્ષાપક્ષી અને ભેદભાવથી ઉપર ઊઠીને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. રક્તનું ઉત્પાદન કૃત્રિમ રીતે થઈ શકતું નથી, તે એક માનવી બીજા માનવીને આપીને જ જીવન બચાવી શકે છે. ત્યારે રક્તદાન કરીને જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં આશાનું નવું કિરણ પ્રગટાવવા આયોજકોએ સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

સરદાર પટેલ સેવાદળ અને અમરેલી નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૩૧ ઓક્ટોબરે ચાર સ્થળોએ રક્તદાન કેમ્પ યોજાશે, ૧ નવેમ્બરે પી.પી. સોજીત્રાની ભવ્ય રક્તતુલાનું આયોજન

સાંસદ ભરત સુતરીયાના હસ્તે અમરેલીમાં 'સરસ મેળા'નો પ્રારંભ

સખી મંડળની બહેનોને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહન, જય ઠાકરધણી આજીવિકા મંડળને રૂ. ૬.૫૦ લાખની કેશ ક્રેડિટ લોનનો ચેક અપાયો

અમરેલી,તા.૨૮



ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા આયોજિત 'સરસ મેળા-૨૦૨૬'નો પ્રારંભ અમરેલીના સાંસદ ભરત સુતરીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી અતુલ કાનાણી સહિત સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.સાંસદ ભરત સુતરીયાએ જણાવ્યું હતું કે, મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા સરસ મેળો ઉત્તમ મંચ પૂરો પાડે છે. સખી મંડળની બહેનો હાથબનાવટની વસ્તુઓનું વેચાણ કરીને આત્મનિર્ભર બની રહી છે. દિવાળીના તહેવાર નિમિત્તે નાગરિકોએ મેળાની મુલાકાત લઈને બહેનોનાં ઉત્પાદનોની ખરીદી કરી પ્રોત્સાહન આપવું જોઈએ. તેમણે વિવિધ સ્ટોલની મુલાકાત લઈને બહેનો સાથે સંવાદ પણ કર્યો હતો. આ પ્રસંગે જય ઠાકરધણી આજીવિકા મંડળને દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ રૂ. ૬.૫૦ લાખની કેશ ક્રેડિટ લોનનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.તા. ૨૮ ઓક્ટોબરથી ૪ નવેમ્બર સુધી ચાલનારા મેળામાં ૩૦ ફાફ્ટ સ્ટોલ અને પાંચ લાઈવ ફૂડ સ્ટોલ સહિત કુલ ૩૫ સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ખાદ્ય સામગ્રી, દિવાળી ડેકોરેશન, દિવા, રંગોળી સામગ્રી, ગિફ્ટ પેક અને પરંપરાગત વસ્ત્રો સહિતનાં ગ્રામ્ય ઉત્પાદનો ઉપલબ્ધ રહેશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા (ઈન્ચાર્જ) સહિતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

સાવરકુંડલામાં સ્વદેશી મેળો-૨૦૨૬નો ભવ્ય પ્રારંભ કરાયો

સાવરકુંડલા,તા.૨૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM) અંતર્ગત 'સ્વદેશી મેળો-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે.

સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને સાકાર કરવાના હેતુથી આ શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન અને ચીફ ઓફિસર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને મેળો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ મેળો ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. નગરપાલિકા દ્વારા નગરજનોને પરિવાર સાથે મેળાની મુલાકાત લઈ સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે.

દામનગરમાં બે લોકલ એસ.ટી. બસ બંધ થતાં મુસાફરો પરેશાન

દામનગર,તા.૨૮

દામનગરમાં વર્ષોથી ચાલતી ધારી-ભાવનગર અને ગારિયાધાર-રાજકોટની બે ઉપયોગી લોકલ એસ.ટી. બસ છેલ્લા એક મહિનાથી બંધ કરવામાં આવતાં મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. સવારે દસ વાગ્યા સુધીમાં દામનગર પહોંચતી આ બસો વિદ્યાર્થીઓ, વેપારીઓ, સેલ્સમેન, નોકરીયાતો અને સામાજિક કામે જતા લોકો માટે ખૂબ જ ઉપયોગી હતી. બસો બંધ થતાં મુસાફરોને ખાનગી વાહનોનો આશરો લેવો પડે છે, જેના કારણે આર્થિક નુકસાન સહન કરવું પડે છે. દામનગર સહિત આસપાસનાં વીસથી વધુ ગામોના લોકો સુરતની અવરજવર પણ કરે છે. હાલમાં ગારિયાધાર ડેપોની માત્ર એક બસ ચાલતી હોવાથી વધુ બસો શરૂ કરવાની જરૂર છે. મુસાફરોએ બંને બસો ફરી શરૂ કરવાની માંગ કરી છે. ગારિયાધાર અને લાઠીના ધારાસભ્યો રજૂઆત કરે તો જનતાને રાહત મળે અને એસ.ટી. તંત્રની આવકમાં પણ વધારો થઈ શકે છે પરંતુ એસ.ટી.ના અધિકારીઓની કામગીરીને કારણે મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે.

સા.કુંડલાના ભુવા રોડ રેલવે ફાટક ખોલવામાં વિલંબથી ટ્રાફિક જામ

સાવરકુંડલા,તા.૨૮



સાવરકુંડલા શહેરના જેસર રોડથી અમરેલી રોડ તરફ જતા બાયપાસ માર્ગ પર ભુવા રોડ નજીક આવેલા રેલવે ફાટકની એક સાઈડ ટ્રેન પસાર થયા બાદ પણ ન ખૂલતાં ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. આ ઘટનાને કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સાવરકુંડલાના ભુવા રોડ નજીક આવેલા રેલવે ફાટક પરથી કન્ટેનર ગુડ્સ ટ્રેન પસાર થઈ ગયા બાદ પણ ઓટોમેટિક ફાટકની એક સાઈડ ખૂલી શકી નહોતી. પરિણામે ફાટકની બંને તરફ વાહનોની અવરજવર પ્રભાવિત થઈ હતી. ફાટક ખુલવાની રાહમાં વાહનોની લાંબી કતારો લાગી હતી અને વાહનચાલકોને લાંબા સમય સુધી અટવાઈ રહેવું પડ્યું હતું.લાંબા સમય સુધી ફાટક ન ખૂલતાં વાહનચાલકોમાં મુશ્કેલી વધી હતી. અંતે ફાટકમેને મહેનત કરીને ફાટક ખોલતાં વાહનવ્યવહાર ફરી શરૂ થયો હતો અને વાહનચાલકોએ રાહત અનુભવી હતી.સાવરકુંડલા બાયપાસ માર્ગ પર સર્જાયેલી આ ઘટનાને પગલે રેલવે ફાટકની ઓટોમેટિક વ્યવસ્થાની કાર્યક્ષમતા અંગે સવાલો ઊભા થયા છે. વ્યસ્ત માર્ગ પર આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે ફાટકની વ્યવસ્થાની યોગ્ય ચકાસણી કરવી અને ટેકનિકલ ખામી સર્જાય ત્યારે તાત્કાલિક સમારકામની કાર્યવાહી કરવી જરૂરી છે,

કન્ટેનર ગુડ્સ ટ્રેન પસાર થયા બાદ ઓટોમેટિક ફાટક ખોલવામાં મુશ્કેલી

લીલીયા પંથકમાં ખનીજ વિભાગે બે ડમ્પર ઝડપ્યા, લાખોનો મુદ્દામાલ જપ્ત

બંને વાહનો લીલીયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા

લીલીયા,તા.૨૮



લીલીયા પંથકમાં ગેરકાયદે ખનન સામે ખનીજ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં બે ડમ્પર ઝડપી પાડવામાં આવતાં સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે. શેઢાવદર અને આંબા ગામે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં લાખો રૂપિયાના મુદ્દામાલની વિગતો સામે આવી છે. ખનીજ વિભાગની આ કાર્યવાહીથી ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.મળતી માહિતી મુજબ, શેઢાવદર ગામે શેત્રુંજી નદીના પુલ નજીક ખનીજ વિભાગની ટીમે **GJ 07 UU 4656** નંબરનું ડમ્પર ઝડપી પાડ્યું હતું. આ ડમ્પરમાં અંદાજે ૧૦ ટન માલ ભરેલો હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહી દરમિયાન ડમ્પર સહિત અંદાજે રૂ. ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ કામગીરીમાં લીલીયા મામલતદાર કચેરીનો સ્ટાફ પણ જોડાયો હતો. બીજી તરફ, આંબા ગામેથી ખનીજ વિભાગે **GJ 13 W 2482** નંબરનું ખાલી ડમ્પર ઝડપી પાડ્યું હતું. આ ડમ્પર સહિત અંદાજે રૂ. ૬ લાખના મુદ્દામાલની વિગતો સામે આવી છે. બંને ડમ્પરને આગળની કાર્યવાહી માટે લીલીયા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યાં છે.લીલીયા પંથકમાં ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીથી ગેરકાયદે ખનન સામે તંત્રએ કડક કામગીરી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

ગજેરા કેમ્પસ વિદ્યાસભાના પુસ્તકાલયને ૫૦૦ પુસ્તકોનું દાન

અમરેલી,તા.૨૮



શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને પુસ્તકો જ્ઞાન, વિચારશક્તિ તથા જીવનઘડતરનાં અમૂલ્ય સાધનો છે. આ ભાવનાને સાકાર કરતાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા, અમરેલીના પુસ્તકાલયને આશરે ૫૦૦ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે અભિરુચિ કેળવાય, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે અને વિચારશક્તિનો વિકાસ થાય તેવા હેતુથી આ પુસ્તકદાન કરવામાં આવ્યું હતું. પુસ્તકાલયમાં ઉપલબ્ધ થનારાં પુસ્તકો વિદ્યાર્થીઓને સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ અને જીવનમૂલ્યો સહિત વિવિધ જ્ઞાનક્ષેત્રોનો પરિચય કરાવશે. આ પહેલથી વિદ્યાર્થીઓમાં સ્વાધ્યાય, સર્જનાત્મકતા અને વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન મળશે. વર્ષ ૧૯૫૯થી શિક્ષણક્ષેત્રે કાર્યરત ગજેરા કેમ્પસ વિદ્યાસભા શિક્ષણની સાથે સંસ્કાર, શિસ્ત અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપે છે. પુસ્તકદાનથી સંસ્થાના શૈક્ષણિક પ્રયાસોને વધુ વેગ મળશે. આ પ્રસંગે લાયન્સ ક્લબના પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલિયા, ગવર્નર હાર્દિકભાઈ મહેતા, વાઇસ ગવર્નર જયકિશનભાઈ દેવાણી, સમીરભાઈ કલકાણી, કાંતિભાઈ વઘાસિયા, દિનેશભાઈ ભુવા, કૌશિકભાઈ હપાણી, વિજયભાઈ વસાણી, જતીનભાઈ સુખડિયા, રાજેશભાઈ ઝાલાવાડિયા, ગોરધનભાઈ માંદલિયા અને હસમુખભાઈ પટેલ સહિતના હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને મનસુખભાઈ ધનાણીએ આ સેવાકાર્ય બદલ લાયન્સ ક્લબના સભ્યોને અભિનંદન પાઠવ્યાં હતાં. કેમ્પસના નિયામક વસંતભાઈ પેથાણીએ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ પુસ્તકદાન હજારો વિદ્યાર્થીઓના જીવનઘડતરને નવી દિશા આપશે.

ધારી તાલુકાના ગોવિંદપુર માં SBI બેંકમાં કુહાડીથી તોડફોડ કરનાર આરોપી ઝડપાયો

અમરેલી,તા.૨૮

પિતાની ગોલ્ડ લોનનાં ઘરેણાં છોડાવવા વારસદારોની સહી મુદ્દે વિવાદ થતાં બેંકને ૩.૨.૩૦ લાખનું નુકસાન પહોંચાડ્યુ હતું



ધારી તાલુકાના ગોવિંદપુર ગામે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં કુહાડી વડે તોડફોડ કરીને ૩.૨.૩૦ લાખનું નુકસાન પહોંચાડવાના કેસમાં પોલીસે આરોપી સિધ્ધાર્થ સતાસીયાની ધરપકડ કરી છે. સ્વર્ગસ્થ પિતાની ગોલ્ડ લોનનાં ઘરેણાં છોડાવવાના મુદ્દે વિવાદ થતાં આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, આરોપીના પિતા શશીકાંત સતાસીયાએ SBI બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી. તેમના અવસાન બાદ સિધ્ધાર્થ લોનની રકમ ભરીને ઘરેણાં છોડાવવા બેંકમાં પહોંચ્યો હતો. જોકે, બેંક મેનેજર કુણાલ રાઠોડે નિયમ મુજબ તમામ વારસદારોની સહીઓ જરૂરી હોવાનું જણાવ્યું હતું. આરોપીની બહેન ઓસ્ટ્રેલિયામાં રહેતી હોવાથી સહીઓ મેળવવાના મુદ્દે વિવાદ થયો હતો. આથી ઉશ્કેરાયેલા યુવકે બેંકમાં કુહાડી વડે તોડફોડ કરી હતી. ઘટનાની જાણ થતાં ધારી પોલીસે આરોપી વિરુધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ધારીના પત્રકાર સંજય વાળાની ભાજપ મીડિયા સેલમાં નિમણૂક

ધારી,તા.૨૮



ધારી પત્રકાર સંઘના કારોબારી ચેરમેન સંજય વાળાને ભારતીય જનતા પાર્ટીના ધારી શહેર મીડિયા સેલના સહ ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ તેમની નિમણૂક કરતાં પત્રકારો, રાજકીય આગેવાનો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ અભિનંદન પાઠવ્યાં હતાં. ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા સંજય વાળાએ પત્રકારત્વ દ્વારા લોકોના પ્રશ્નોને વાચા આપી છે. ભાજપ મીડિયા સેલની નવી જવાબદારી હેઠળ શહેરના વિકાસકાર્યો અને લોકોની મુશ્કેલીઓને સરકાર સુધી પહોંચાડવા માટે કાર્ય કરશે.

૨૨૦KV વીજલાઈનના વળતર મુદ્દે લુણસાપુર અને લોઠપુરના ખેડૂતોની રજૂઆત

રાજુલા,તા.૨૮



નવા સરકારી ઠરાવ મુજબ વળતર ચૂકવવા અને નિર્ણય ન આવે ત્યાં સુધી કામગીરી બંધ રાખવાની માંગ

રાજુલા તાલુકાના લુણસાપુર અને લોઠપુર ગામના ખેડૂતોએ ૨૨૦ ક્વ્ફ વીજ ટ્રાન્સમિશન લાઈનના વળતરના મુદ્દે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. રાજુલા-જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિએ પ્રાંત અધિકારી મારફતે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.સમિતિના જણાવ્યા મુજબ, કેટલાક સર્વે નંબરોમાં જૂના ઠરાવ પ્રમાણે વળતર નક્કી કરાયું છે, જ્યારે અનેક જમીનમાલિકોને વળતર ચૂકવ્યા વિના કામગીરી શરૂ કરવામાં આવી હતી. કામગીરી પહેલાં નોટિસ પણ આપવામાં આવી ન હોવાનો આક્ષેપ કરાયો છે.

લાઠીના ઘામેલ ગામે રૂ. ૪.૩૦ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



લાઠી,તા.૨૮

લાઠી તાલુકાના ઘામેલ ગામે અંદાજે રૂ. ૪ કરોડ ૩૦ લાખના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને આંબરડી બેઠકના જિલ્લા પંચાયતના સભ્ય નરેશભાઈ ડોંડાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના વિકાસને લગતાં વિવિધ કામોની શરૂઆત થતાં ગ્રામજનોમાં આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યત્વે દામનગરથી ઘામેલ સુધીના માર્ગના નવીનીકરણ માટે અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે થનારા કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. માર્ગનું નવીનીકરણ થતાં બંને ગામો વચ્ચેની અવરજવર વધુ સરળ બનશે. ઉપરાંત સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને માર્ગની સમસ્યામાંથી રાહત મળવાની આશા છે. આ સાથે અંદાજે રૂ. ૩૦ લાખના અન્ય વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોથી ગામમાં પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં મદદ મળશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારમાં રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતની પાયાની સુવિધાઓ વિકસાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગામડાં સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે માટે જરૂરી કામોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આગામી સમયમાં પણ વિસ્તારનાં ગામોમાં જરૂરિયાત મુજબનાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે ગ્રામજનોએ માર્ગ સહિતનાં વિકાસકાર્યોની મંજૂરી અને ખાતમુહૂર્ત બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી, ગ્રામ પંચાયતના સરપંચ, ગામના આગેવાનો, ભાજપના કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સા.કુંડલાના વિરડી નજીક ઘાસચારાની આડમાં દારૂની હેરાફેરી ઝડપાઈ

વંડા પોલીસે ૨૦૪૦ બોટલ દારૂ સહિત બોલેરો પીકઅપમાંથી રૂ. ૯.૭૭ લાખનો મુદ્દામાલ સાથે બેને ઝડપી પાડ્યા

અમરેલી,તા.૨૮



વંડા પોલીસ ટીમ કોમ્બિંગ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગ કરી રહી હતી.દરમિયાન પોલીસને બાતમી મળી કે વિરડી ગામથી નાળ ગામ જવાના રસ્તે એક બોલેરો પીકઅપમાં ઘાસચારાની આડમાં વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી વાહન ઝડપી પાડ્યું હતું.આ કાર્યવાહીમાં વિરડીના રહેવાસી ગોપાલભાઈ સુરેશભાઈ ડાભી (ઉં.વ. ૨૨) અને રોહિતભાઈ ઉર્ફે લાલજી મનુભાઈ દાણીધારીયા (ઉં.વ.૨૭)ને પકડી લેવામાં આવ્યા છે. બંને ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે. તેમની વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે કામરેજ, સુરતના રહેવાસી વિવેક ગુજરીયાને વોન્ટેડ જાહેર કર્યો છે, જેણે બોલેરોમાં દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. ઉપરાંત, દારૂનો જથ્થો મંગાવનાર એક અજાણ્યા શખસની પણ શોધખોળ ચાલી રહી છે. દારૂ ઉપરાંત પોલીસે રિયલમી અને સેમસંગ કંપનીના બે મોબાઈલ ફોન (કુલ કિંમત રૂ. ૧૦,૦૦૦) તથા દારૂની હેરાફેરીમાં વપરાયેલી સફેદ રંગની મહિન્દ્રા બોલેરો પીકઅપ (નંબર GJ-૦૫-CW-૦૯૩૫, કિંમત રૂ. ૫,૦૦,૦૦૦) પણ જપ્ત કરી છે. આમ, કુલ રૂ. ૯,૭૭,૨૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

કબજે કરાયેલા મુદ્દામાલની વિગત

ડીએસપી બ્લેક ક્લાસિક વ્હિસ્કી (૭૫૦ મિ.લિ.): ૩૬૦ બોટલ
ઓકસ્મિથ ઇન્ટરનેશનલ બ્લેન્ડેડ વ્હિસ્કી (૭૫૦ મિ.લિ.): ૯૬ બોટલ
રોયલ સ્ટેગ બેરલ સિલેક્ટ વ્હિસ્કી (૭૫૦ મિ.લિ.): ૧૨૦ બોટલ
રોયલ સ્ટેગ ડબલ ડાર્ક રિઝર્વ પીટી વ્હિસ્કી (૭૫૦ મિ.લિ.): ૧૨૦ બોટલ
આઇકોનિક વ્હાઇટ ફાઇનેસ્ટ ઇન્ટરનેશનલ ગ્રેઇન વ્હિસ્કી (૭૫૦ મિ.લિ.): ૭૨ બોટલ
આઇકોનિક વ્હાઇટ ફાઇનેસ્ટ ઇન્ટરનેશનલ ગ્રેઇન વ્હિસ્કી (૩૭૫ મિ.લિ.): ૫૫૨ બોટલ
આઇકોનિક વ્હાઇટ ફાઇનેસ્ટ ઇન્ટરનેશનલ ગ્રેઇન વ્હિસ્કી (૧૮૦ મિ.લિ.): ૪૮૦ બોટલ
બેગપાઇપર ડિલક્સ વ્હિસ્કી (૧૮૦ મિ.લિ.): ૨૪૦ બોટલ

રાજુલા તાલુકાના કોવાયા ગામે મંદિરમાંથી ચાંદીની લોટીની ચોરી

પોલીસે પૂજારીની ફરીયાદના આધારે અજાણ્યા ઈસમ સામે ગૂનો નોંધી તપાસ શરૂ કરી

રાજુલા, તા. ૨૮

રાજુલાના કોવાયા ગામે મંદિરમાંથી ચાંદીની લોટીની ચોરી થઈ હતી. બનાવ અંગે રામપરા-૨ ગામે રહેતા અને સેવા-પૂજા કરતા મનુગીરી રામગીરી (ઉ.વ. ૬૩)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કોવાયા ગામે આવેલા ચાચુંડેશ્વર મહાદેવ મંદિરમાંથી આશરે ૨૦૦ ગ્રામ ચાંદીની લોટી અજાણ્યો ચોર ઈસમ ચોરીને ફરાર થઈ ગયો હતો. જેની કિંમત રૂ. ૪૭,૦૦૦ જાહેર કરવામાં આવી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એ. એસ. આઈ. એચ. એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

દામનગરમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

દામનગર,તા.૨૮



દામનગરના ગાયત્રી મંદિરે ગાયત્રી પરિવાર શાખા, રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ રાજકોટ, સિનિયર સિટીઝન ટ્રસ્ટ અને ભૂરખિયા મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૮૭મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ડો. અલ્કેશભાઈ ખેરડીયાએ ૯૦ દર્દીઓની આંખોની તપાસ કરી હતી. મોતીયાના ઓપરેશન માટે ૨૮ દર્દીઓને રાજકોટ લઈ જવામાં આવ્યા હતા. કેમ્પમાં દામનગરના સ્વયંસેવકોએ પ્રશંસનીય સેવા આપી હતી. ગાયત્રી મંદિરે દર મહિનાના છેલ્લા બુધવારે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવે છે.

૯૦ દર્દીઓએ લાભ લીધો, ૨૮ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે રાજકોટ લઈ જવાયા







અમરેલીનાં કવયિત્રી શીલા મહેતાના ગઝલસંગ્રહ 'પ્રતીક્ષાના દીવા'નો વિમોચન ઉત્સવ યોજાયો

અમરેલી,તા.૨૮



અમરેલીનાં જાણીતા કવયિત્રી શ્રીમતી શીલા મહેતા 'શબ્દશિલ્પી' દ્વારા રચિત ગઝલસંગ્રહ 'પ્રતીક્ષાના દીવા'નો ભવ્ય વિમોચન ઉત્સવ તથા કવિસંમેલન તા. રવિવારના રોજ શરદપૂર્ણિમાના પાવન અવસરે હોટલ એન્જલ ખાતે યોજાયો હતો. આ સાહિત્યિક કાર્યક્રમમાં કવિઓ, કવયિત્રીઓ, સાહિત્યકારો, લેખકો અને સાહિત્યપ્રેમીઓની બહોળી ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવપૂર્ણ અને યાદગાર બનાવ્યો હતો. ગઝલસંગ્રહના વિમોચન સાથે કાવ્યરસની સુંદર અનુભૂતિ કરાવતા કવિસંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી મુકુંદભાઈ મહેતા,ઔદીચ્ય બ્રહ્મસમાજના વડીલો અને કવિ કિશોરભાઈ જિકાદરા , કવિ ડો. અજય રાવલ (ગાંધીનગર) કાલિન્દીબેન પરીખ, , નવીનભાઈ જોશી, ડૉ. દુર્ગાબેન જોશી, પારુલબેન ખખ્ખર, મુકેશ દવે, અગન રાજ્યગુરુ, ડૉ. ભારતીબેન બોરડ સહિતના સાહિત્યકારો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ચલાલાની રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની દીકરીઓએ સાયન્સ ટેક્નો ફેસ્ટિવલ-૨૦૨૬માં મેળવ્યું ગૌરવ

ચલાલા,તા.૨૮



ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને હરીબેન ભગવાનજી લાલજી તેજુરા સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલની દીકરીઓએ અંકલેશ્વરમાં યોજાયેલા છઠ્ઠા ભારતીય સાયન્સ ટેક્નો ફેસ્ટિવલ-૨૦૨૬માં સિદ્ધિ મેળવી છે. રિંકલ રમેશભાઈ ચૌહાણ અને કીર્તિ સુરેશભાઈ ચૌહાણે 'એમ્ફિબિયસ બોટ' નામનું નવીન મોડેલ રજૂ કરી તૃતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે ક્વિઝ સ્પર્ધામાં પલ દેવાંગભાઈ ઠાકરે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. શાળાના પ્રાધ્યાપક શુભમભાઈ પાટીલે પ્રોજેક્ટ માટે માર્ગદર્શન આપ્યું હતું. ફેસ્ટિવલમાં ઇસરોના વૈજ્ઞાનિકો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સિદ્ધિ બદલ ગાયત્રી સંસ્કાર ધામના વડા પ.પૂ. સંત ડૉ. રતિદાદાએ આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યાં હતાં. મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ પણ દીકરીઓને અભિનંદન આપી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સા.કુંડલાના પાટી ગામે મકાનમાંથી વાસણોની ચોરી, ત્રણ મહિલા સામે ફરિયાદ નોંધાઈ

વંડા, તા. ૨૮

સાવરકુંડલાના પાટી ગામે બંધ મકાનમાંથી વાસણોની ચોરી અંગે ગારિયાધારના નવાગામની ત્રણ મહિલાઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. હાલ સુરતના વરાછામાં રહેતા મૂળ પાટી ગામના મહેન્દ્રભાઈ ભરતભાઈ દતેવાડીયા (ઉ.વ.૨૪) એ ગારિયાધારના નવાગામ ખાતે રહેતી કાજલબેન માથાસુળીયા, લક્ષ્મીબેન માથાસુળીયા અને ગીતાબેન માથાસુળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમના બંધ મકાનમાં કોઈપણ રીતે પ્રવેશ કરી રૂમમાં રાખેલા જૂના વાસણો તથા ચાંદીની ગાય મળી કુલ રૂ. ૩,૬૭૦ના સામાનની ચોરી કરી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલામાં ફાયર સેફ્ટી અને લાઈસન્સ વગર રોડ પર લારી રાખી ફટાકડા વેચતો શખ્સ ઝડપાયો

કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા શહેરમાં રોડ પર લારી ઊભી રાખી લાઈસન્સ કે કોઈ પણ પ્રકારની ફાયર સેફ્ટીની વ્યવસ્થા વિના ગેરકાયદેસર અને જોખમી રીતે ફટાકડા વેચી રહેલા એક શખ્સ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ, તહેવારો દરમિયાન જાહેર સલામતી જળવાઈ રહે તે હેતુથી અમરેલી કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અન્વયે અધિકૃત મંજૂરી અને સુરક્ષા વ્યવસ્થા વિના ફટાકડાનું વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.આ દરમિયાન સાવરકુંડલા ખાતે રોડ ઉપર એક લારી રાખીને જનકભાઈ ભરતભાઈ યાદવ (ઉ.વ.૨૮) યોગ્ય લાઇસન્સ કે પાસ-પરમિટ મેળવ્યા વિના વિવિધ બ્રાન્ડના ફટાકડાનું વેચાણ કરતા હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. સ્થળ પર તપાસ કરતા ફટાકડાના વેચાણ માટે જરૂરી એવાં કોઈ પણ ફાયર સેફ્ટીનાં સાધનો પણ રાખવામાં આવ્યા નહોતા.જાહેર માર્ગ પર લોકોની સુરક્ષા જોખમાય તે રીતે કલેક્ટરના હુકમનું ઉલ્લંઘન કરી ફટાકડા વેચતા મળી આવેલા આરોપી વિરુધ્ધ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ. એસ. આઈ. જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં ચાઈનીઝ માંઝા, જોખમી તુક્કલના વેચાણ-ઉપયોગ પર મુકાયો પ્રતિબંધ

અમરેલી,તા.૨૮

ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.એ. ડોડિયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જિલ્લામાં ચાઈનીઝ માંઝા, નાયલોન-પ્લાસ્ટિક દોરી, કાચ પાયેલી દોરી અને હાનિકારક પદાર્થોથી કોટિંગ કરેલી દોરીના વેચાણ, ખરીદી, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકાયો છે. ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન, આગ ઓકતા તુક્કલ અને ધાતુના તારથી પતંગ ઉડાડવા પર પણ પ્રતિબંધ છે. જાહેર માર્ગો અને જોખમી સ્થળોએ પતંગ ઉડાડવા, કપાયેલા પતંગ પકડવા દોડવા તથા વીજતારમાં ફસાયેલી દોરી કાઢવાના પ્રયાસો કરવા નહીં. નિયમો મુજબ નિર્ધારિત માપદંડો ધરાવતો પરંપરાગત કોટન માંજો વાપરી શકાશે. આ હુકમ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.

દામનગર રેલવે ફાટક નં. ૧૧/સી વાહનવ્યવહાર માટે વૈકલ્પિક માર્ગ જાહેર

ઓવરબ્રિજની કામગીરીને પગલે ૧૬ નવેમ્બર સુધી વાહનચાલકોએ વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવો પડશે

અમરેલી,તા. ૨૮

દામનગર શહેરમાં દામનગરથી ભુરખિયા તરફ જતા માર્ગ પર આવેલા રેલવે ફાટક નં. ૧૧/સી પર ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી હોવાથી વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.એ. ડોડિયાએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ, લાઠી-ભુરખિયા તરફથી આવતા વાહનચાલકોએ ગુરુકુળના આગળના ભાગેથી બજરંગનગર, છભાડિયા ફાટક અને અવાડા ચોક થઈ નગરપાલિકાના મુખ્ય માર્ગ પરથી પસાર થવાનું રહેશે. જ્યારે ઢસા-દામનગર તરફથી આવતા વાહનચાલકોએ નગરપાલિકાના મુખ્ય માર્ગેથી અવાડા ચોક, છભાડિયા ફાટક અને બજરંગનગર થઈ ગુરુકુળના આગળના ભાગેથી લાઠી-ભુરખિયા રોડ પર જવાનું રહેશે. આ જાહેરનામું તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બાબરાના ઈંગોરાળા ગામે બે શખ્સોએ યુવક સહિત પરિવારને માર માર્યો

બાબરા, તા. ૨૮

બાબરાના ઈંગોરાળા ગામે મોટરસાયકલ કોણે આડું મૂક્યું છે તેમ કહેતા થયેલી માથાકૂટ અને ઝપાઝપીમાં મહિલા ક્ષોભનજક સ્થિતિમાં મુકાઈ જતા આ બનાવ અંગે શાંતુબેન મહેશભાઈ સોલંકી (ઉ.વ.૩૫)એ રાહુલભાઈ બાબુભાઈ સોલંકી, જયેશભાઈ બાબુભાઈ સોલંકી, લીલાબેન બાબુભાઈ સોલંકી, મમતાબેન બાબુભાઈ સોલંકી તથા અનિતાબેન બાબુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરની સામે ગટરનું કામ ચાલતું હોવાથી કોઈકે ઘરના દરવાજા પાસે મોટરસાયકલ મૂકી હતી. જેથી તેમના પતિ ઘરની બહાર નીકળતા "આ મોટરસાયકલ કોણે આડું મૂકેલું છે?" તેમ કહેતા તેમના કાકાજી સસરાના દીકરા રાહુલે કહ્યું કે, 'મારું મોટરસાયકલ છે, હું નહીં લઉં.' તેમ કહી તે ઉશ્કેરાઈ જઈ તેમના પતિ પાસે આવ્યો હતો તેમજ તેમનો કાંઠલો પકડીને નીચે પછાડી દીધા હતા. એટલીવારમાં રાહુલનો નાનો ભાઈ જયેશ પણ ત્યાં આવી ગયો હતો અને બંને ભાઈઓ તેમના પતિને માર મારવા લાગ્યા હતા. આ સમયે તેઓ વચ્ચે પડતા રાહુલ તથા જયેશના પિતા બાબુભાઈ સોલંકી ત્યાં આવી જઈ તેમને વધુ મારમાંથી છોડાવતા હતા.

આ દરમિયાન રાહુલના મમ્મી લીલાબેન તથા તેમની બે દીકરીઓ અનિતા અને મમતા ત્યાં આવી તેમને એકબાજુ ખેંચીને લઈ જઈ માર મારવા લાગ્યા હતા. આ ઝપાઝપી બાદ આ સમયે ત્યાં લોકો એકઠા થઈ જતાં તેમને વધુ મારમાંથી બચાવ્યા હતા. આ ઘટના બાદ બંને ભાઈઓ સ્થળ પરથી નાસી ગયા હતા.

જેથી બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. એસ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

'મોટરસાયકલ કોણે આડું મૂક્યું છે' કહેતા માથાકૂટ થઈ હતી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચોથ
તા.૨૯-૧૦-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૩૦,
સૂર્યાસ્ત-૦૫:૩૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

દૈનિક રાશિફળ

તા.૨૯-૧૦-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે તમને વ્યવસાયમાં કરેલા કામથી ઘણો ફાયદો થશે, જેને જોઈને તમારું મન ખુશ થશે. આજે તમે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં સહયોગ કરશો.

વૃષભ: જો તમે આજે કોઈ ખાસ કામ માટે ઘરની બહાર નીકળો છો, તો તમારા માતા-પિતાના આશીર્વાદ લો અને તમને તેમાં મોટી સફળતા મળશે.

મિથુન: જો તમારી પાસે કોઈ કાનૂની વિવાદ ચાલી રહ્યો છે, તો તમને તેમાં થોડો તણાવ થઈ શકે છે. જેના કારણે તમારું કામ અટકી શકે છે.

કર્ક: જો તમારી પ્રગતિ લાંબા સમયથી રોકાઈ ગઈ હોય, તો આજે તમને તેનો સંપૂર્ણ લાભ મળશે. આજે રાત્રે બહારનું ભોજન ખાવાનું ટાળો, નહીં તો તમારું સ્વાસ્થ્ય બગડી શકે છે.

સિંહ: વ્યવસાય કરતા લોકો માટે આજનો દિવસ ખાસ બનવાનો છે. આજે તમારે વ્યવસાયમાં કેટલાક નવા ફેરફારો કરવા પડશે, જે તમને ભવિષ્યમાં મોટા ફાયદા આપશે.

કન્યા: વ્યવસાય માટે થોડી દોડધામ થશે, પરંતુ જો તમારે મુસાફરી કરવી પડે, તો તે કરો કારણ કે આ તમારા એક ખાસ સોદાને અંતિમ સ્વરૂપ આપી શકે છે,

તુલા: આજનો દિવસ તમારા વ્યવસાય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તમારે નિર્ણયો કાળજીપૂર્વક લેવા પડશે, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો અને તમને સરકારી સજા પણ મળી શકે છે.

વૃશ્ચિક: આજે તમારા દુશ્મનો પણ હિંમત અને બહાદુરીથી તમારી સામે હાર માની લેશે અને તમે તમારા ઇરાદામાં સફળ થશો. આજે તમારા બાળકો પ્રત્યેનો તમારો પ્રેમ વધશે.

ધનુ: આજે વિદ્યાર્થીઓ તેમના ગુરુ અથવા ભગવાન પ્રત્યે સંપૂર્ણ સમર્પણ રાખશે, જેનો તેમને પણ ફાયદો થશે. જેના કારણે તમારા વ્યવસાયમાં પ્રગતિ થશે.

મકર: આજે તમને મોટી રકમ મળી શકે છે, જે તમને ખુશ કરશે. આજે તમને ભાગીદારીમાં કરેલા વ્યવસાયમાં ઘણો નફો મળશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિચાર કરીને નિર્ણય લેવાનો રહેશે કારણ કે ઉતાવળમાં લીધેલા નિર્ણયો તમને લાભ આપી શકે છે, નહીં તો ઉતાવળમાં લીધેલા નિર્ણયો તમને નુકસાન પહોંચાડી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે કેટલીક મુશ્કેલીઓ લાવશે. આજનો દિવસ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ કેટલીક સમસ્યાઓ લાવશે. તમને પાચન અને પેટ સંબંધિત કેટલીક સમસ્યાઓ થઈ શકે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૪મા યુવક મહોત્સવમાં મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થિની તૃતીય સ્થાને રહી

અમરેલી,તા.૨૮



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે આયોજિત ૫૪મા યુવક મહોત્સવ 'હિરક સ્પંદન'માં અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિની જોશી જીયાએ શાસ્ત્રીય સ્વરવાદ્ય સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાઓને ઉજાગર કરવા તથા સંગીત, સાહિત્ય અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલા આ મહોત્સવમાં જીયાએ ઉત્કૃષ્ટ સંગીતપ્રતિભા દાખવી આ સફળતા મેળવી હતી. કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસ બહેન સોરઠિયા, સમગ્ર અધ્યાપકગણ અને કૉલેજ પરિવારે જીયાને અભિનંદન પાઠવી ભવિષ્યમાં સંગીતક્ષેત્રે વધુ પ્રગતિ કરવાની શુભકામનાઓ આપી છે.

બાબરાના વાવડા ગામેથી સગીરાનું મધરાતે અજાણ્યા ઈસમે અપહરણ કર્યું

બાબરા, તા.૨૮

બાબરાના વાવડા ગામેથી સગીરાને મધરાતે અજાણ્યા ઈસમે અપહરણ કર્યું હતું. બનાવ અંગે સગીરાના માતાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરીને અજાણ્યો ઈસમ મધરાતે તેમના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ એમ ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લામાં બે મહિલાઓ પાસેથી ૯ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે પાંચ સ્થળેથી ૨૦ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જેમાં મોટા દેવળીયા ગામે એક મહિલા પાસેથી ૪ લીટર અને કોટડાપીઠા ગામેથી એક મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.આ ઉપરાંત જૂના માલકનેશ, ખાંભા, રાજુલા, બાબરા, ગળકોટડી અને દામનગરમાંથી મળીને કુલ આઠ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા ઝડપાઈ ગયા હતા.

લીલીયાના દાડમા (પુતળીયા) ગામની ઘટના

પ્રેમ લગ્ન કરનાર પરિણીતા પર પતિ સહિત સાસરિયાના ત્રાસ સામે ફરિયાદ

માતા વિરુધ્ધ ફરિયાદ કરવા દબાણ કરી પરિણીતાને ઘરમાંથી કાઢી મુકી

લીલીયા, તા. ૨૮

લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે અગાઉ થયેલા પોક્સો એક્ટના કેસમાંથી બચવા માટે પ્રેમલગ્ન કરી લીધા બાદ પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. બનાવ અંગે રીનાબેન પ્રતાપભાઈ સારીખડા (ઉ.વ.૨૨)એ પોતાના પતિ પ્રતાપભાઈ મૂળજીભાઈ સારીખડા, સસરા મૂળજીભાઈ સારીખડા, સાસુ જશુબેન સારીખડા, જેઠ રાહુલભાઈ સારીખડા, જેઠાણી ઈન્દુબેન સારીખડા તથા નણંદ રસીલાબેન સારીખડા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં નોંધાયેલી વિગત મુજબ, પરિણીતા જ્યારે સગીર વયની હતી ત્યારે તેનો પ્રતાપભાઈ સારીખડા સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. આ બાબતની જાણ તેના પરિવારજનોને થતાં તેનાં માતા દયાબેને તે સમયે આરોપી સામે લીલીયા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. ત્યારબાદ યુવતી પુખ્ત વયની થતાં તેણે આ યુવક સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા અને સાસરે રહેવા ગઈ હતી. લગ્ન બાદ પતિ અવારનવાર પરિણીતાને મેણાં મારતો હતો કે, "તું મને ગમતી નથી, મેં ફક્ત ટાઈમપાસ કરવા અને મારી સામે થયેલા ખોટા કેસમાંથી બચવા તારી સાથે લગ્ન કર્યા છે." આ ઉપરાંત સાસરી પક્ષના અન્ય આરોપીઓ પણ પરિણીતાને "તું પિયરમાંથી કશું લાવી નથી અને ખોટી રીતે પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરી લીધા છે" તેમ કહી ગાળાગાળી કરી ઘરકામ બાબતે ત્રાસ આપતા હતા. પતિને તેની સાસુ (પરિણીતાની માતા) સાથે અદાવત હોવાથી તે પરિણીતાને પોતાની માતા વિરુધ્ધ ખોટી પોલીસ ફરિયાદ કરવા દબાણ કરતો હતો.


જો ફરિયાદ નહીં કરે તો ઘરમાં રહેવા નહીં દેવાની ધમકી આપી પતિ તથા સાસરિયાઓ દ્વારા પરિણીતાને મૂઢ માર મારી ત્રાસ ગુજારવામાં આવતો હતો. દરમિયાન ગત તારીખ ૩૦/૦૯/૨૦૨૬ના રોજ બપોરે આશરે બે વાગ્યાના સુમારે સાસરિયાઓએ તેની સાથે તકરાર કરી હતી. પતિએ તેને માર મારી, ગાળો ભાંડીને "કોઈ પણ સંજોગોમાં તારી માતા વિરુધ્ધ પોલીસ ફરિયાદ કર, નહીં તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

વિકાસને નામે વન વિનાશ એ સાચી પ્રગતિ નથી

સામાન્ય માન્યતા એવી છે કે જંગલ એટલે અગણિત વૃક્ષોનો સમૂહ, પરંતુ આ માન્યતા અધૂરી છે. જંગલ માત્ર વૃક્ષોનો સમૂહ નથી, પરંતુ કુદરતની એક જીવંત વ્યવસ્થા છે. તેમાં પક્ષીઓ, પ્રાણીઓ, સૂક્ષ્મ જીવો, ફળદ્રુપ જમીન, ઝરણાં અને તેના પર નિર્ભર માનવસમુદાયનો સમાવેશ થાય છે. આ સમગ્ર વ્યવસ્થા એકબીજા સાથે જોડાયેલી છે. તેને નષ્ટ કર્યા પછી થોડાં વૃક્ષો વાવીને અગાઉની સ્થિતિ પુનઃસ્થાપિત કરી શકાતી નથી. ૨૦૦થી ૩૦૦ વર્ષ જૂના વૃક્ષને કાપવામાં થોડા કલાકો લાગે છે, પરંતુ એવું વૃક્ષ ફરી વિકસતાં સદીઓ લાગી શકે છે. આપણી પર્યાવરણીય નીતિમાં એવી માન્યતા જોવા મળે છે કે જંગલને થયેલા નુકસાનની ભરપાઈ નાણાં અથવા વળતર વનીકરણથી કરી શકાય છે. આ વિચારનું સંસ્થાકીય સ્વરૂપ વળતર વનીકરણ ભંડોળ વ્યવસ્થાપન અને આયોજન સત્તામંડળ છે. આ વ્યવસ્થા હેઠળ ઉદ્યોગ, ખાણ, બંધ કે રસ્તા જેવા પ્રોજેક્ટ માટે વનની જમીનનો ઉપયોગ કરવામાં આવે ત્યારે સંબંધિત કંપની પાસેથી નાણાં લેવામાં આવે છે. આ ભંડોળનો ઉપયોગ વનીકરણ, જૈવ વિવિધતાના સંરક્ષણ, વન્યજીવોના રહેઠાણના વિકાસ, વનાગ્નિ નિયંત્રણ અને જમીન-પાણીના સંરક્ષણ માટે કરવાનો હોય છે. જોકે, નાણાંની ફાળવણીથી કુદરતી જંગલની તાત્કાલિક પુનઃરચના શક્ય નથી. વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યોને આ ભંડોળના હિસ્સા તરીકે રૂ. ૪૭.૮૬ હજાર કરોડ ફાળવવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશને વર્ષ ૨૦૧૯-૨૦ થી જાન્યુઆરી ૨૦૨૩ સુધી રૂ. ૬.૧૨ હજાર કરોડ મળ્યા હતા. રાજ્ય સરકારના દાવા અનુસાર, વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪-૨૫ દરમિયાન ૨૧ કરોડ ૭૮ લાખથી વધુ રોપાઓ વાવવામાં આવ્યા હતા અને આગામી પાંચ વર્ષમાં ૫૦ લાખ હેક્ટર વિસ્તારને હરિયાળો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. પરંતુ આટલા મોટા વાવેતરના દાવા વચ્ચે વન અને વૃક્ષ આવરણમાં ઘટાડાનો પ્રશ્ન ઊભો થાય છે. ભારતીય વન સ્થિતિ અહેવાલ ૨૦૨૩ના ઉલ્લેખ સાથે મધ્યપ્રદેશમાં વન અને વૃક્ષ આવરણમાં ૬૧૨.૪૧ ચોરસ કિલોમીટરના ઘટાડાની વાત કરવામાં આવી છે. આ આંકડા વનીકરણની પધ્ધતિ, વાવેતરની સફળતા અને કુદરતી જંગલોના સંરક્ષણ અંગે ગંભીર વિચારણા કરવાની જરૂરિયાત દર્શાવે છે. વાવેતરની ખોટી પધ્ધતિ આ સમસ્યાનું એક મહત્ત્વનું કારણ છે. લક્ષ્યાંકો પૂરા કરવાની ઉતાવળમાં કેટલીક જગ્યાએ સ્થાનિક પ્રજાતિઓને બદલે ઝડપથી વધતી વિદેશી પ્રજાતિઓ વાવવામાં આવે છે. નીલગિરી જેવી પ્રજાતિઓનું અયોગ્ય સ્થળે વાવેતર જમીનના પાણી અને જૈવ વિવિધતા પર અસર કરી શકે છે. કુદરતી ઘાસનાં મેદાનોમાં વૃક્ષો વાવવાથી પણ ત્યાંની મૂળ પર્યાવરણીય વ્યવસ્થાને નુકસાન થઈ શકે છે. બીજી તરફ, વર્ષોથી જંગલોનું સંરક્ષણ કરતા આદિવાસી અને સ્થાનિક સમુદાયોને વનીકરણની પ્રક્રિયામાં પૂરતી ભાગીદારી ન મળવી પણ ચિંતાજનક છે. તેમના સહયોગ વિના રોપાઓની યોગ્ય જાળવણી અને લાંબા ગાળાનું સંરક્ષણ મુશ્કેલ બને છે. આ સમસ્યા વૈશ્વિક સ્તરે પણ ગંભીર છે. ૨૦ માર્ચ, ૨૦૨૫ના વન ઘોષણા મૂલ્યાંકન અહેવાલમાં વનનાબૂદી રોકવા માટે દર વર્ષે ૪૬૦ અબજ ડોલરની જરૂરિયાત સામે ભંડોળની અછત દર્શાવવામાં આવી હતી. બીજી તરફ, વનનાબૂદી સાથે સંકળાયેલા ઉદ્યોગોમાં મોટા પાયે રોકાણ થતું હોવાની બાબત પણ ચિંતાજનક છે. હવે સમય આવી ગયો છે કે વળતર વનીકરણને વનવિનાશની મંજૂરી તરીકે જોવાનું બંધ કરવામાં આવે. કોઈ જંગલ કાપતાં પહેલાં તેનો વિકલ્પ શક્ય છે કે નહીં તે તપાસવું જોઈએ.

સિંગાપોર સિટી-સ્ટેટ કેવી રીતે બન્યું વર્લ્ડનું ફાઇનાન્શિયલ હબ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દુનિયાના ઇતિહાસમાં એવા ઘણા ઓછા ઉદાહરણો છે જ્યાં કોઈ દેશે માત્ર એક પેઢીમાં પોતાની કાયાપલટ કરી નાખી હોય. સિંગાપોર આવું જ એક જીવતું ઉદાહરણ છે. બીજા વિશ્વયુધ્ધ પછી ગરીબી, બેરોજગારી અને અરાજકતામાં સપડાયેલો આ નાનકડો ટાપુ આજે દુનિયાના સૌથી સમૃધ્ધ, સ્વચ્છ, સુરક્ષિત અને પ્રામાણિક દેશોમાંનો એક છે. આ અકલ્પનીય પરિવર્તન પાછળ કોઈ જાદુ નથી, પરંતુ એક વ્યક્તિની અડગ નેતૃત્વ શક્તિ છે અને તે વ્યક્તિ એટલે લી ક્વાન યુ. તેમણે સિંગાપોરને માત્ર આઝાદી જ નથી અપાવી, પરંતુ તેને જીવવા લાયક અને ગર્વ કરવા લાયક બનાવ્યું. જ્યારે મોટાભાગના નવા આઝાદ થયેલા દેશો ભ્રષ્ટાચાર અને વહીવટી નિષ્ફળતામાં ફસાઈ ગયા, ત્યારે લી ક્વાન યુએ સિંગાપોર માટે એક અલગ જ રસ્તો પસંદ કર્યો, જે રસ્તો શિસ્ત, પ્રામાણિકતા અને સખત મહેનતથી બંધાયેલો હતો. તેમની આ દ્રષ્ટિના કારણે જ આજે સિંગાપોરને થર્ડ વર્લ્ડમાંથી ફર્સ્ટ વર્લ્ડમાં પરિવર્તિત થયેલો દેશ કહેવામાં આવે છે અને તેમના આ કાર્યને સમજવા માટે તેમનું પુસ્તક **From Third Wrold To First** વાંચવું અત્યંત જરૂરી બની જાય છે. આ ચમત્કારિક દેશનો પરિચય પણ એટલો જ રસપ્રદ છે. સિંગાપોર એક સિટી-સ્ટેટ છે, એટલે કે આખો દેશ એક જ શહેરનો બનેલો છે. તમે તેને સિંગાપોર શહેર કહો કે સિંગાપોર દેશ કહો, બંને એક જ છે. આ સંદર્ભમાં ભારત સાથે તેની સરખામણી કરીએ તો આંકડા ચોંકાવનારા છે. ભારતનો કુલ વિસ્તાર ૩૨,૮૭,૨૬૩ ચોરસ કિલોમીટર છે, જ્યારે સિંગાપોરનો કુલ વિસ્તાર માત્ર ૭૧૯ ચોરસ કિલોમીટર છે, એટલે કે ભારત કરતાં લગભગ ૪૫૦૦ ગણો નાનો. વસ્તીની દ્રષ્ટિએ ભારતની વસ્તી ૧.૪૬ અબજની આસપાસ છે, જ્યારે સિંગાપોરની વસ્તી માત્ર ૬૧ લાખ જેટલી છે. પરંતુ વસ્તી ગીચતાની વાત કરીએ તો સિંગાપોર દુનિયાના સૌથી ગીચ દેશોમાંનો એક છે. આર્થિક રીતે જોઈએ તો તફાવત વધુ સ્પષ્ટ થાય છે. ભારતની નોમિનલ જીડીપી પર કેપિટા આવક લગભગ ૨૮૧૩ ડોલર છે, જે વૈશ્વિક સ્તરે ૨૦૦ દેશોમાં ૧૬૮મા ક્રમે છે. જ્યારે સિંગાપોરની નોમિનલ જીડીપી પર કેપિટા આવક ૯૧,૦૦૦ ડોલરથી પણ વધુ છે, જે વિશ્વમાં ચોથા ક્રમે અને એશિયામાં પ્રથમ ક્રમે છે. આ આંકડા જ બતાવે છે કે નાના કદ છતાં સિંગાપોરે કેટલી મોટી આર્થિક છલાંગ લગાવી છે.

સિંગાપોર આજે વિશ્વનું પ્રથમ પંક્તિનું ફાઈનાન્શિયલ અને ટ્રેડિંગ હબ કેવી રીતે બન્યું તેની પાછળ લી ક્વાન યુની દૂરંદેશી આર્થિક નીતિઓ છે. આઝાદી સમયે સિંગાપોર પાસે કોઈ મોટો ઉદ્યોગ નહોતો. લી ક્વાન યુ સમજી ગયા હતા કે જો દુનિયાને સિંગાપોરમાં રોકાણ કરવા માટે આકર્ષવું હોય તો સૌથી પહેલા વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું પડશે. તેમણે વિદેશી રોકાણકારો માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા, ટેક્સમાં રાહત આપી, ઝડપથી મંજૂરી મળે તેવું સિંગલ વિન્ડો તંત્ર વિકસાવ્યું અને સૌથી અગત્યનું, રાજકીય સ્થિરતા અને કાયદાનું શાસન સુનિશ્ચિત કર્યું. તેમણે મલક્કા સ્ટ્રેટ પાસે આવેલા વ્યૂહાત્મક સ્થાનનો પૂરો લાભ લીધો અને સિંગાપોર બંદરને દુનિયાનું સૌથી વ્યસ્ત અને કાર્યક્ષમ બંદર બનાવ્યું. સાથે સાથે ચાંગી એરપોર્ટને વૈશ્વિક ઉડ્ડયન હબ બનાવવામાં આવ્યું. સરકારે શિક્ષણ પાછળ ખૂબ મોટું રોકાણ કર્યું અને અંગ્રેજી ભાષાને કામકાજની મુખ્ય ભાષા બનાવી, જેથી આંતરરાષ્ટ્રીય કંપનીઓને ત્યાં કામ કરવામાં સરળતા રહે. કરપ્શન ફ્રી વહીવટ અને ઝડપી ન્યાય પ્રણાલીના કારણે આજે ગૂગલ, માઈક્રોસોફ્ટ, ટેમ**asek** જેવી હજારો બહુરાષ્ટ્રીય કંપનીઓનું એશિયા હેડક્વાર્ટર સિંગાપોરમાં છે. આમ, કુદરતી સંસાધનો વગર પણ માનવ સંસાધન અને નીતિઓના જોરે સિંગાપોર ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર બની ગયું. હવે સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે સિંગાપોર ભ્રષ્ટાચાર મુક્ત કેવી રીતે બન્યું. આનો જવાબ લી ક્વાન યુના વ્યક્તિત્વ અને તેમની કડક નીતિઓમાં છુપાયેલો છે. ભારતને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદી મળી, જ્યારે સિંગાપોરને ૯ ઓગસ્ટ ૧૯૬૫ના રોજ સંપૂર્ણ સ્વતંત્રતા મળી, એટલે કે ભારતના લગભગ ૧૮ વર્ષ પછી. લી ક્વાન યુએ ૫ જૂન ૧૯૫૯ના રોજ સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારથી જ નક્કી કરી લીધું હતું કે દેશના વિકાસના દરેક ડોલરનો પૂરેપૂરો હિસાબ રાખવામાં આવશે અને વચ્ચે એક પણ ડોલરનો ભ્રષ્ટાચાર થવા દેવામાં આવશે નહીં. તેમણે ક્યારેય ભ્રષ્ટાચાર મુક્ત સિંગાપોરનું નાટકીય સ્લોગન આપ્યું નહીં, પરંતુ સીધું જ કામ કરીને બતાવ્યું. તેઓ એશિયાના અન્ય દેશોના નેતાઓના ભ્રષ્ટાચાર, લોભ અને નૈતિક અધઃપતન જોઈને અત્યંત વ્યથિત થતા હતા. તેઓ માનતા હતા કે જ્યારે દેશના નેતાઓ જ ભ્રષ્ટ હોય ત્યારે દેશની અધોગતિ નિશ્ચિત છે. આથી તેમણે અંગ્રેજોએ ૧૯૫૨માં સ્થાપેલા કરપ્ટ પ્રેક્ટિસીસ ઈન્વેસ્ટિગેશન બ્યુરોને વધુ સત્તાઓ આપી અને તેને સીધું વડાપ્રધાન કાર્યાલય હેઠળ મૂક્યું. આ બ્યુરો ગમે તેટલા મોટા અધિકારી કે પ્રધાન સામે પણ તપાસ કરી શકતું હતું. લી ક્વાન યુએ અધિકારીઓની વિવેકાધીન સત્તા એટલે કે ડિસ્ક્રિશનરી પાવર પર ચાંપતી નજર રાખવાની વ્યવસ્થા ગોઠવી. કોઈ પણ પ્રધાન કે અધિકારી પોતાના અંગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ ન કરે તે માટે કડક નિયમો બનાવ્યા. તે સમયે પોલીસના નીચલા સ્તરે, રસ્તા પર લારી ગલ્લા ચલાવનારાઓ પાસેથી હપ્તા ઉઘરાવવા અને રેવન્યુ ખાતાના તલાટીઓમાં લાંચનું પ્રમાણ વધારે હતું. લી ક્વાન યુએ આવા નાના ભ્રષ્ટાચારને પણ મોટી સજા કરીને દાખલો બેસાડ્યો. સાથે સાથે તેમણે પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓના પગાર વિશ્વ કક્ષાના અને ખાનગી ક્ષેત્રની સમકક્ષ કરી દીધા, જેથી તેમને લાંચ લેવાની જરૂર જ ન પડે. તેમનો સ્પષ્ટ સંદેશ હતો કે પ્રમાણિકતાનું મૂલ્ય ચૂકવવું પડે અને ભ્રષ્ટાચારની કિંમત તો તેનાથી પણ વધુ ચૂકવવી પડશે. આ નીતિના કારણે જ આજે સિંગાપોર દુનિયાના સૌથી ઓછા ભ્રષ્ટ દેશોમાં ગણાય છે.

થોડા દાયકા પહેલા સિંગાપોર અતિ પછાત હતું. પરંતુ તેની નેતાગીરી અને પ્રજાના સહયોગથી આ રાષ્ટ્ આજે વિશ્વમાં નંબર વન છે તેનું એક બીજું કારણ એ છે કે જેના વિરોધ પક્ષના રાજકીય નેતાઓ પણ વિકાસને મહત્વ આપે છે

શબ્દ સંજોગ-૨૨૮૮



આડી ચાવી :
(૧) બેઉ છેડે વળેલા ધાતુનો કડી જેવો સળિયો (૩)
(૩) ગાંધીજીનું જન્મ સ્થાન (૫)
(૮) શોક, દુઃખ (૨)
(૯) ઉદારમતવાદી (૪)
(૧૧) અને (૧)
(૧૨) પૈસો, માળા (૨)
(૧૩) કારણ, પ્રયોજન (૨)
(૧૫) એક માલિકીના હારબંધ ખેતર (૨)
(૧૬) રાખડી (૨)
(૧૮) પાછુ (૩)
(૨૧) સુંદર સ્ત્રી (૨)
(૨૩) પાસા ફેકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૫) છેડો, નિવેડો (૨)
(૨૬) છોકરાને કાને પહેરવાનુ કુંડળ (૩)
(૨૮) સૃષ્ટિ, વિશ્વ (અ) (૩)
(૨૯) ધનુષ્યનો પણછનો અવાજ (૩)
(૩૧) ચણાના લોટની એક મીઠાઈ (૩)
(૩૨) રસવાળુ, રસપૂર્ણ (૩)

ઉભી ચાવી :
(૧) પાંડુની માતા (૪)
(૨) અમેરિકી ચલણ (૩)
(૩) ગામ પાસેની નાની વસાહત (૨)
(૪) સીસાનો એક ક્ષાર (૨)
(૫) ધમકીને ડરામણી (૪)
(૭) સાવ બોડુ માથુ (૨)
(૧૦) તમાકુ, છીંકણી (૩)
(૧૪) એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે (૨)
(૧૫) ખાટલામાં વાણની ચાર ચાર સેરની પાંતી (૩)
(૧૭) ખારાશવાળુ તત્વ (૨)
(૧૯) ....જુઓ તેલની ધાર જુઓ (૨)
(૨૦) પતિત પાવન..... (૪)
(૨૨) હાથી (૩)
(૨૪) માખ (૩)
(૨૭) પહોર પહોરને આંતરે ઘડિયાળા વગાડવામાં આવે છે તે(૩)
(૨૮) એક તેજાનો (૨)
(૨૯) છાપ મારેલો સિક્કો, ટકો (૨)
(૩૦) સૂર્ય, સૂરજ (૨)

શબ્દ સંજોગ-૨૨૮૭ જવાબ

આડી ચાવી: (૧) અંબા (૩) કૃપા (૬) કટક (૮) રસમ (૧૦) શકટ (૧૨) સમ (૧૩) મકર (૧૬) સ્તર (૧૮) માલા (૧૯) મતલબ (૨૧) કરણ (૨૩) ગરમર (૨૫) બરફ (૨૭) કર (૨૮) તાઉસ (૨૯) તજા (૩૦) લોફર (૩૧) રવી (૩૨) દલ.
ઉભી ચાવી: (૧) અંકુશ (૨) કાટ (૪) પારસ (૫) કીમ (૬) કટક (૭) કવિ (૯) સમસ્ત (૧૧) કમલાકર (૧૪) રમણ (૧૫) અલગ (૧૭) રબર (૨૦) બરકત (૨૨) રફતાર (૨૪) મરજાદ (૨૫) બગલો (૨૬) કેસર.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૮૦૦	૧૯૪૮
ઘઉં લોકવન	૫૮૦	૬૩૩
ઘઉં ટુકડા	૫૮૫	૭૩૩
જુવાર સફેદ	૧૪૦૦	૧૭૧૦
જુવાર લાલ	૧૦૪૦	૧૪૦૦
જુવાર પીળી	૫૦૦	૫૭૫
બાજરી	૪૨૮	૫૬૪
તુવેર	૧૪૪૪	૧૯૫૦
ચણા પીળા	૧૨૧૦	૧૫૦૦
ચણા સફેદ	૧૫૬૦	૨૪૧૪
અડદ	૧૫૦૦	૨૦૦૦
મગ	૧૧૦૦	૧૮૪૦
વાલ દેશી	૧૧૫૦	૧૪૯૫
મઠ	૧૦૦૦	૧૭૦૦
વટાણા	૭૫૦	૧૧૫૦
કળથી	૫૦૧	૫૦૧
રાજમા	૧૬૦૦	૨૩૮૮
સીંગદાણા	૧૮૫૦	૨૦૧૦
મગફળી જાડી	૧૨૬૧	૧૭૧૩
મગફળી જીણી	૧૩૧૧	૧૮૧૫
તલી	૨૩૦૦	૩૨૧૦
એરંડા	૧૪૦૦	૧૬૫૪
અજમો	૨૧૦૦	૩૩૭૦
સોયાબીન	૧૩૧૦	૧૫૪૫
સીંગફાડા	૧૬૬૦	૧૮૫૦
કાળા તલ	૨૭૫૦	૪૦૦૦
લસણ	૧૧૦૦	૨૬૦૦
ધાણા	૨૭૮૦	૩૦૫૦
મરચા સુકા	૩૫૦૦	૬૫૦૦
ધાણી	૨૮૨૦	૩૦૬૫
વરીયાળી	૨૩૦૦	૩૦૮૦
જીરૂ	૪૫૫૦	૫૦૦૦
રાય	૧૬૫૦	૨૦૦૦
મેથી	૮૨૫	૨૧૫૦
ઇસબગુલ	૨૮૫૦	૩૦૬૦
કલોંજી	૪૫૦૦	૫૦૯૦
રાયડો	૧૩૦૦	૧૭૧૧
રજકાનું બી	૪૦૦૦	૭૨૫૦
ગુવારનું બી	૧૩૫૦	૧૫૦૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૩૧૮	૨૬૨૪
પપૈયા	૧૫૮	૩૧૧
બટેટા	૧૩૧	૩૫૪
ડુંગળી સુકી	૩૩૦	૮૫૦
ટમેટા	૨૦૧	૩૧૦
સુરણ	૪૮૪	૬૯૧
કોથમરી	૯૮૭	૧૨૧૩
મુળા	૩૪૨	૫૩૯
રીંગણા	૨૧૨	૪૨૨
કોબીજ	૫૮	૯૫
ફ્લાવર	૨૦૨	૩૯૪
ભીંડો	૫૯૧	૮૧૧
ગુવાર	૭૯૪	૧૨૩૫
ચોળાસીંગ	૫૧૫	૮૨૦
વાલોળ	૫૯૭	૯૮૨
ટીંડોળા	૨૨૬	૫૮૮
દુધી	૧૫૨	૨૧૧
કારેલા	૨૧૬	૩૪૪
સરગવો	૮૨૭	૧૬૪૩
તુરીયા	૬૧૪	૮૧૮
પરવર	૭૯૨	૯૮૭
કાકડી	૫૧૩	૯૮૯
ગાજર	૩૫૫	૪૬૧
વટાણા	૨૦૨૯	૩૨૧૧
તુવેરસીંગ	૬૧૭	૧૦૧૨
ગલકા	૪૫૮	૬૪૩
બીટ	૩૧૧	૫૯૦
મેથી	૫૨૨	૭૯૪
વાલ	૮૧૩	૧૨૦૭
ડુંગળી લીલી	૩૧૪	૫૧૦
આદુ	૧૪૨૩	૩૦૧૫
મરચા લીલા	૨૧૯	૬૨૩
હળદર લીલી	૬૨૩	૮૩૧
લસણ લીલું	૧૮૩૩	૩૫૨૭
મકાઇ લીલી	૧૫૨	૩૦૭

ગોંડલ

કપાસ	૧૨૦૧	૧૯૨૧
ઘઉં લોકવન	૬૦૪	૬૮૨
ઘઉં ટુકડા	૫૫૦	૯૦૦
સિંગદાણા જાડા	૧૭૦૦	૨૨૦૧
સિંગ ફાડીયા	૧૦૦૦	૨૧૦૧
એરંડા/એરંડી	૧૫૭૬	૧૭૧૧
તલ કાળા	૨૦૦૧	૩૭૫૧
તલ લાલ	૨૯૪૧	૨૯૪૧
જીરૂ	૨૦૦૦	૫૧૭૧
કલંજી	૨૮૦૧	૪૯૪૧
ધાણા	૨૮૦૦	૩૨૭૧
લસણ સુકું	૧૦૧૧	૨૩૪૧
ડુંગળી લાલ	૨૦૧	૧૦૮૧
અડદ	૧૦૦૦	૧૯૫૧
તુવેર	૯૦૧	૧૯૪૧
રાય	૧૮૦૧	૧૮૦૧
મેથી	૧૩૨૬	૧૬૫૧
કાંગ	૮૯૧	૮૯૧
સફેદ ચણા	૧૪૧૧	૨૩૫૧
તલ - તલી	૧૯૫૧	૩૨૫૧
ધાણી	૨૯૦૦	૩૩૫૧
બાજરો	૫૧૧	૫૧૧
જુવાર	૧૫૭૧	૧૬૭૧
મકાઇ	૪૫૧	૪૫૧
મગ	૫૭૬	૧૭૦૧
ચણા	૧૦૫૧	૧૪૯૬
વાલ	૧૨૫૧	૧૨૫૧
ચોળા/ચોળી	૭૭૬	૭૭૬
સોયાબીન	૧૧૫૦	૧૫૪૬
ગોગળી	૯૦૦	૧૪૩૧
વટાણા	૬૭૧	૭૮૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૦૦	૫૦૦
મરચા	૨૦૦	૧૫૦૦
ગુવાર	૨૦૦	૧૫૦૦
કોબી	૪૦	૧૬૦
દુધી	૧૦૦	૨૬૦
ફ્લાવર	૩૦	૩૦૦
કાકડી	૨૦૦	૯૦૦
રીંગણા	૨૦	૨૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૧૮૦	૮૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૨૦૦	૬૦૦
તુવેર	૪૦૦	૧૦૦૦
વાલ	૧૮૦	૧૨૦૦
વટાણા	૨૪૦૦	૩૦૦૦
શક્કરીયા	૨૦૦	૬૦૦
કેરી કાચી	૨૩૮૦	૩૦૦૦
બટેટા	૧૪૦	૨૬૦
આંબળા	૨૦૦	૧૦૦૦
લીલી હળદર	૫૮૦	૧૦૦૦
ડુંગળી પુરા	૧૦	૧૫
તાંજરીયા પુરા	૩	૬
કોથમીર પુરા	૩	૯
મૂળા પુરા	૫	૧૦
કાચા કેળા	૧૫૦	૨૫૦
ચૂરણ	૬૦૦	૮૦૦
અડવીપાન	૧૦	૧૫
પરવર	૫૦૦	૧૦૦૦
ઘીસોડા	૨૦૦	૯૦૦
લીંબુ	૨૦૦	૨૬૦૦
મેથી પુરા	૩	૧૩
બીટ પુરા	૮	૨૦
સરગવો પુરા	૮	૩૦
ચોરા	૨૦૦	૮૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોર	૨૦૦	૮૦૦
કાચા પોપૈયા	૧૦૦	૩૦૦
આદુ	૧૮૦	૧૬૦૦
મકાઈ ડોડા	૧૮૦	૩૦૦
લસણ પુરા	૧૦	૧૫
પાલક પુરા	૨	૮

અમરેલી

શિંગ મઠડી	૧૧૦૦	૧૪૯૦
શિંગ ગીરનાર	૧૦૩૦	૧૫૬૦
શિંગ મોટી	૧૧૫૦	૧૬૩૫
શિંગદાણા ફાડા	૧૧૫૦	૧૮૬૦
તલ સફેદ	૨૧૬૦	૪૦૧૫
તલ કાળા	૨૪૦૫	૪૩૫૦
તલ કાશમીરી	૨૮૨૦	૨૯૩૦
બાજરો	૪૦૦	૪૯૫
જુવાર	૫૯૪	૧૬૫૦
ઘઉં ટુકડા	૫૧૦	૭૬૫
ઘઉં લોકવન	૫૯૫	૬૫૫
મકાઈ	૫૮૦	૬૦૫
અડદ	૧૫૦૦	૧૮૮૫
ચણા	૧૨૦૦	૧૪૭૦
ચણા દેશી	૧૪૯૫	૧૪૯૫
સફેદ ચણા	૧૧૫૦	૧૫૭૦
છોલે ચણા	૯૧૫	૯૧૫
તુવેર	૧૦૫૦	૧૬૦૦
મઠ	૬૪૦	૬૪૦
કપાસ	૧૧૦૦	૧૯૪૦
જીરૂ	૪૦૨૫	૪૪૦૦
ધાણી	૨૫૦૦	૩૪૨૫
અજમા	૧૩૭૫	૩૪૪૦
મેથી	૧૧૪૦	૧૪૦૦
સોયાબીન	૯૭૦	૧૪૩૫
વરીયાળી	૧૭૪૦	૨૧૨૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૬૦	૨૯૦
રીંગણા	૧૦૦	૨૦૦
ફ્લાવર	૧૫૦	૨૮૦
કોબીજ	૧૦૦	૧૫૦
શકકરીયા	૭૦૦	૮૦૦
ટમેટાં	૨૪૦	૩૦૦
સુરણ	૯૫૦	૧૦૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૨૦૦	૨૫૦
કારેલા	૫૦૦	૬૦૦
ગલકા	૪૩૦	૫૨૦
મૂળા	૨૦૦	૩૦૦
કાકડી	૪૫૦	૭૦૦
ગુવાર	૯૦૦	૧૨૦૦
વાલોળ	૫૫૦	૬૫૦
વટાણા	૨૮૦૦	૨૯૦૦
ચોળા લીલા	૫૨૦	૬૩૦
તુરીયા	૫૦૦	૬૦૦
વાલ	૯૩૦	૯૯૦
તુવેર	૧૦૦૦	૧૨૦૦
ભીંડો	૫૨૦	૬૩૦
આદુ	૧૩૦૦	૧૩૫૦
કોથમીર	૭૦૦	૧૪૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફ્રોદીનો	૮૫૦	૯૫૦
ટીંડોરા	૪૦૦	૫૦૦
બીટ	૬૦૦	૬૯૦
મકાઈ	૨૫૦	૩૧૦
સરગવો	૧૮૦૦	૧૯૮૦
લીમડો મીઠો	૧૫૦	૧૭૦
મરચાં લીલાં	૫૦૦	૮૧૦
મરચાં લાલ	૪૦૦	૭૦૦
ડુંગળી લીલી	૩૫૦	૪૫૦
ડુંગળી સુકી	૭૦૦	૮૦૦
લસણ લીલું	૩૫૦૦	૩૮૦૦
લસણ સુકું	૧૫૩૦	૨૧૦૦
પાલક	૫૩૦	૬૨૦
લીંબુ	૧૮૫૦	૨૨૫૦
ચભડા	૫૦૦	૮૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૨૦૦	૨૧૦૦
શીંગ મોટી	૧૦૦૦	૧૭૮૦
તલ સફેદ	૨૫૦૦	૩૩૦૨
તલ કાળા	૩૩૦૦	૪૦૦૧
જીરૂ	૪૬૮૬	૪૯૭૫
કપાસ	૧૯૦૦	૧૯૫૦
ઘઉં લોકવન	૫૪૦	૬૦૫
ઘઉં ટુકડા	૫૭૦	૬૮૪
બાજરો	૪૦૦	૫૩૦
જુવાર	૭૦૦	૧૫૮૦
મગ	૧૦૦૦	૧૩૦૦
અડદ	૧૫૦૦	૧૯૮૦
ચણા	૧૨૦૦	૧૪૬૦
દેશી ચણા	૧૨૫૦	૧૫૧૫
તુવેર	૧૩૦૦	૧૭૫૦
ધાણા	૨૭૦૦	૩૧૫૦
સોયાબીન	૧૨૬૦	૧૩૯૦

ધારી

કપાસ	૧૬૦૧	૧૯૦૦
મગફળી	૧૧૦૦	૧૫૭૦
ઘઉં	૪૨૫	૪૨૫
ચણા	૧૩૬૦	૧૪૪૦
અડદ	૧૩૪૦	૧૮૦૦
તલ સફેદ	૨૬૦૧	૨૮૯૦
ધાણા	૩૦૦૦	૩૦૦૦
કલોંજી	૨૯૦૦	૨૯૦૦
સોયાબીન	૧૨૦૦	૧૩૮૧

બગસરા

કપાસ	૧૭૦૦	૧૯૪૦
ઘઉં લોકવન	૫૨૫	૫૮૪
ચણા સફેદ	૧૩૪૨	૧૩૪૨
મગફળી	૯૫૦	૧૪૦૨
ચણા	૧૦૦૦	૧૪૦૦
લસણ	૩૪૫	૪૪૫
ધાણા	૨૪૪૦	૩૦૦૦
સોયાબીન	૧૦૫૦	૧૩૯૨
તળ કાળા	૨૯૦૦	૨૯૦૦
જુવાર	૭૩૫	૭૩૫
તલ સફેદ	૧૭૨૦	૩૨૧૫
અડદ	૧૮૨૫	૧૯૦૦
મકાઈ	૪૦૦	૪૦૦
શીંગદાણા	૧૪૯૦	૧૬૫૫

બાબરા

કપાસ	૧૭૭૦	૧૯૪૦
કપાસ મીડીયમ	૧૬૫૦	૧૭૩૦
મગફળી	૧૩૪૦	૧૬૧૧
તલ સફેદ	૨૯૦૦	૩૨૧૦
તલ કાળા	૩૨૨૦	૩૯૩૦
જીરૂ	૪૧૨૦	૪૬૧૦
ચણા	૧૩૫૦	૧૪૧૦
ઘઉં	૫૪૦	૫૯૨
અડદ	૧૭૫૦	૧૮૭૨
મગ	૧૫૭૫	૨૦૧૦
સોયાબીન	૧૩૪૫	૧૩૬૭

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૫૭૬
ઘઉં	૪૦૧	૫૧૫
ચણા	૯૦૧	૧૦૪૬
અડદ	૧૦૫૧	૧૪૨૧
તુવેર	૧૦૦૧	૧૫૧૬
મગફળી	૭૦૧	૧૨૯૬
જીરૂ	૩૦૦૧	૩૮૨૧
ધાણા	૧૨૦૧	૨૨૭૧
સોયાબીન	૮૦૧	૯૫૧

મહુવા

શીંગ ગીરનારી	૧૦૦૦	૧૬૨૨
શીંગ ૬૬	૧૨૦૦	૧૯૬૦
શીંગ ૩૯	૯૦૦	૧૬૭૨
શીંગ જી-૨૦	૧૧૦૦	૧૬૮૭
જુવાર	૪૧૫	૮૦૪
બાજરી	૪૮૧	૫૮૧
બાજરો	૧૫૦૦	૧૮૪૦
ઘઉં ટુકડા	૫૧૩	૬૮૧
મકાઈ	૬૦૫	૬૦૫
અડદ	૧૧૭૫	૧૯૨૫
મગ	૯૨૫	૧૮૦૦
સોયાબીન	૯૦૧	૧૩૯૪
ચણા	૧૨૮૫	૧૪૮૦
તલ સફેદ	૨૫૦૦	૩૦૨૮
તલ કાળા	૨૯૦૦	૩૮૭૫
તુવેર	૧૬૦૦	૧૬૦૦
ડુંગળી લાલ નવી	૨૦૦	૮૬૨
ડુંગળી લાલ જુની	૧૨૫	૭૮૫
ડુંગળી સફેદ નવી	૨૬૧	૭૬૩
ડુંગળી સફેદ જુની	૩૭૬	૫૨૫
કપાસ શંકર	૧૬૮૬	૧૮૩૮
નાળીયેર	૪૦૫	૩૨૦૦

કોડીનાર

મગફળી નવી	૧૩૬૮	૧૬૩૭
બાજરી હાઈબ્રીડ	૪૫૦	૫૩૧
ઘઉં	૫૨૫	૬૪૧
જુવાર	૧૧૦૦	૧૬૧૦
અડદ	૧૩૦૦	૨૦૦૨
ચણા	૧૧૦૦	૧૪૨૮
તલ સફેદ	૨૫૦૦	૩૮૧૨
કાળા તલ	૨૫૫૦	૩૮૧૨
સોયાબીન	૧૧૪૫	૧૩૮૨
કપાસ	૧૫૨૨	૧૮૮૮
ડાંગર	૯૦૦	૧૦૬૦

ખાંભા

કપાસ	૧૭૯૬	૧૯૫૧
મગફળી	૧૨૮૦	૧૫૦૧
સોયાબીન	૧૩૩૧	૧૩૭૧
અડદ	૧૭૪૧	૧૮૦૫

જામનગર

બાજરી	૪૯૪	૫૧૫
ઘઉં	૫૬૩	૬૬૮
મગ	૧૫૭૪	૪૬૭૦
અડદ	૧૩૦૦	૧૮૬૫
તુવેર	૭૩૦	૧૨૦૦
ચોળી	૬૦૦	૧૪૦૦
ચણા	૧૨૭૦	૧૪૫૮
ચણા સફેદ	૨૦૯૦	૨૨૧૦
મગફળી જીણી	૧૩૦૦	૧૭૩૦
મગફળી જાડી	૧૨૦૦	૧૬૨૫
મગફળી ૬૬ નં.	૧૫૦૦	૨૩૦૦
મગફળી ૯ નં.	૧૭૦૦	૨૬૨૦
એરંડા	૧૩૫૪	૧૬૬૬
તલી	૨૦૦૦	૩૨૦૦
તલ કાળા	૨૪૦૦	૩૬૦૦
રાયડો	૧૬૦૦	૧૬૪૦
લસણ	૮૦૦	૨૮૦૫
કપાસ	૧૭૫૦	૧૯૪૫
જીરૂ	૪૫૦૦	૫૦૩૦
અજમો	૨૮૧૦	૪૭૬૫
અજમાની ભૂસી	૭૦	૩૫૮૦
મરચા	૩૩૬૦	૪૩૮૦
ડુંગળી સુકી	૩૦૦	૯૫૦
ડુંગળી નાસીક	૬૦૦	૯૦૦
સોયાબીન	૧૨૮૦	૧૪૦૫
કલોંજી	૯૦૦	૫૦૦૫
રાજમા	૨૦૦૦	૨૦૩૫

મોટા લીલીયા

કપાસ	૧૮૫૦	૧૯૩૦
કપાસ જુનો	૧૧૭૫	૧૧૭૫

રાજુલા

શીંગ	૧૨૪૦	૧૫૬૬
તલ સફેદ	૨૧૦૦	૩૪૦૧
તલ કાળા	૨૬૦૧	૩૬૦૧
કપાસ	૧૭૫૦	૧૮૯૩
બાજરો	૫૦૧	૬૦૦
ઘઉં ટુકડા	૫૩૫	૬૯૧
જુવાર	૧૪૭૦	૧૬૪૦
અડદ	૧૮૦૨	૨૦૨૧
તુવેર	૧૬૬૧	૧૬૬૧
ચણા	૧૦૭૦	૧૩૦૦
સોયાબીન	૧૧૫૦	૧૩૨૮

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

જેટકોમાં વધતા કાર્યબોજ અને સ્ટાફની અછત સામે રાજ્યભરના ઇજનેરો આંદોલનના મૂડમાં

૩૦ ઓક્ટોબરથી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન અને ૧ નવેમ્બરથી 'વર્ક-ટુ-રૂલ' મુજબ કામ કરવાની ચીમકી

અમરેલી,તા.૨૮

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો) માં વધતા કામના ભારણ અને સ્ટાફની અછતના વિરોધમાં ઇજનેરો આંદોલન કરશે. ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિએશન (જીબીયા) દ્વારા પડતર માંગણીઓના ઉકેલ માટે ૩૦ ઓક્ટોબરથી વિરોધ પ્રદર્શન અને ૧ નવેમ્બરથી 'વર્ક-ટુ-રૂલ' મુજબ કામ કરવાની જાહેરાત કરાઈ છે.

જીબીયાના મહામંત્રી એસ. ડી.પટેલના જણાવ્યા મુજબ, દર વર્ષે આશરે ૧૦૦ નવા સબસ્ટેશનો ઉમેરાવા છતાં પૂરતી ભરતી થતી નથી અને ઇજનેરોને કોઈ નાણાકીય લાભ વિના વધારાનો કાર્યભાર સોંપાય છે. એસોસિએશનની માંગ છે કે મંજૂર મહેકમ મુજબ જગ્યાઓ ભરી નવી નિમણૂકો કરવામાં આવે અને વધારાના કામના નાણાકીય લાભ અપાય.

આંદોલન હેઠળ ૩૦ ઓક્ટોબરથી ઇજનેરો કાળી પટ્ટી બાંધી વહીવટી કચેરીઓ બહાર પ્રદર્શન કરશે અને ૧ નવેમ્બરથી માત્ર નિયમ મુજબ ફરજ બજાવી વધારાનો કાર્યભાર સંભાળવાનું બંધ કરશે.

બાબરામાં કારમાંથી વિદેશી દારૂની ૨,૪૭૪ બોટલો ઝડપાઈ

બાબરા, તા. ૨૮


તસવીર : દિપક કનેયા

બાબરા શહેરમાં દારૂની હેરાફેરી સામે પોલીસે કાર્યવાહી કરીને કરિયાણા ચોકડી પાસેથી સફેદ રંગની કેટા કારમાં લઈ જવાતી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૨,૪૭૪ બોટલો ઝડપી પાડી હતી. પોલીસે દારૂ, કાર અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૪,૫૨,૮૪૪નો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના બે શખ્સોની ધરપકડ કરી છે.અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના હેઠળ દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે કેટા કારમાં દારૂનો જથ્થો ભરી બાબરા તરફ લાવવામાં આવી રહ્યો છે. તેના આધારે કરિયાણા ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે કારને રોકવાનો પ્રયાસ કરતાં ચાલકે ભાગવાની કોશિશ કરી હતી. ત્યારબાદ પોલીસે બંને શખ્સોને ઝડપી લીધા હતા. કારની તપાસમાં રૂ. ૪,૩૭,૮૪૪ની કિંમતની દારૂની બોટલો મળી આવી હતી. ઉપરાંત રૂ. ૧૦ લાખની કાર અને રૂ. ૧૫ હજારના બે મોબાઈલ ફોન કબજે કરાયા હતા. પકડાયેલા આરોપીઓમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના શ્રવણકુમાર બાબુલાલ બોલા (ઉંમર ૨૧) અને જાલોર જિલ્લાના સુનીલ ભીખારામ ગોદારા (ઉંમર ૨૦)નો સમાવેશ થાય છે. બંને મજૂરીકામ કરતા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે રાજસ્થાનના બે શખ્સોને ઝડપી લીધા; દારૂ, કાર અને મોબાઇલ સહિત રૂ. ૧૪.૫૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટમાં હાઇબ્રિડ ગાંજામાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરના ભાઈનું નામ સામે આવતાં ખળભળાટ

રાજકોટ,તા.૨૮

રાજકોટ શહેર **SOG**ની ટીમે રૈયા રોડ પર યોગીરાજનગરના ગીરીરાજ એપાર્ટમેન્ટમાં દરોડો પાડીને ૩૭ વર્ષીય પૂજા ભટ્ટને ઝડપી પાડી છે. પોલીસે ફ્લેટમાંથી રૂ. ૨૩.૮૦ લાખની કિંમતનો ૬૮૦ ગ્રામ હાઇબ્રિડ ગાંજો, મોટો કેશ, મોબાઈલ અને વજનકાંટો મળી કુલ રૂ. ૨૩.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં પૂજા ભટ્ટના ભાણેજ ગૌતમ દવેનું નામ ખુલ્લું પડ્યું છે, જે આ જથ્થો સાચવવા આપી ગયો હતો અને ત્યાંથી પડીકીઓ બનાવી વેચાણ થતું હતું. બી.વી. ચુડાસમાની ફરિયાદ આધારે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં **NDPS** એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. આ કેસમાં કથિત પેડલર ગૌતમ દવે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અંકિતા દવેનો ભાઈ હોવાનું સામે આવ્યું છે. જોકે, કેસમાં અંકિતાની કોઈ ભૂમિકા હોવાનો ઉલ્લેખ નથી.

રાજકોટમાં મેરેજ બ્યુરો અને સ્પાના ઓઠા હેઠળ ચાલતા બે કૂટણખાના ઝડપાયા : માતા-પુત્ર સહિત ત્રણની ધરપકડ

રાજકોટ,તા.૨૮



રાજકોટમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ **(AHTU)**ની ટીમે એ-ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં દરોડા પાડીને મેરેજ બ્યુરો અને સ્પાના ઓઠા હેઠળ ચાલતા બે કૂટણખાનાનો પર્દાફાશ કર્યો છે.

વિરાણી ચોક પાસે આવેલા 'શ્રી મેરેજ બ્યુરો'માં દરોડો પાડી સંચાલિકા જયશ્રીબેન પૂજારા અને તેમના પુત્ર મિતની અટકાયત કરવામાં આવી છે. તેઓ મેરેજ બ્યુરોમાં આવતા રંગીનમિજાજી ગ્રાહકોને સેક્સની ઓફર આપી દેહવિક્રય કરાવતા હતા. છેલ્લા બે વર્ષમાં એક પણ લગ્ન કરાવ્યા વિના તેઓ આ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવતા હતા.

બીજા દરોડામાં મહિલા કોલેજ પાસેના 'ફ્લોરેન્સ વેલનેસ સ્પા'માંથી સંચાલક ગણેશ મીનાની અટકાયત કરાઈ છે, જે બહારના રાજ્યોની યુવતીઓ પાસે સ્પાના નામે દેહવિક્રય કરાવતો હતો. પોલીસે સ્થળ પરથી પીડિત યુવતીઓને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ એરપોર્ટ પર શારજાહથી આવેલા મુસાફર પાસેથી રૂ. ૭૨.૨૮ લાખનું પેસ્ટ સ્વરૂપે સોનું જપ્ત

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ **(AIU)** દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. શારજાહથી આવેલી ફ્લાઈટના એક મુસાફર પાસેથી રૂ. ૭૨,૨૮,૫૭૪ની કિંમતનું ૪૯૫.૦૪ ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું છે.શંકાસ્પદ મુસાફરને અટકાવીને તેની ટ્રોલી બેગની સઘન તપાસ કરતા, બેગમાં છુપાવેલી પેસ્ટ સ્વરૂપની સોનાની કેપ્સૂલ મળી આવી હતી. પેસ્ટમાંથી સોનું અલગ તારવીને કસ્ટમ્સ વિભાગે જપ્ત કર્યું છે.

આ મામલે અમદાવાદ કસ્ટમ્સ વિભાગે ગેરકાયદેસર રીતે સોનાની તસ્કરી કરવા બદલ કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ હેઠળ આરોપી મુસાફરની ધરપકડ કરી છે અને આગળની વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરામાં ચા-નાસ્તાની દુકાનની ભાગીદારીમાં મનદુ:ખ રાખી પાર્ટનરે જ હત્યા કરી હોવાનો ખુલાસો

વડોદરા,તા.૨૮



વડોદરાના ગોરવા વિસ્તારમાં ચા-નાસ્તાની દુકાનની ભાગીદારીના વિવાદમાં એક યુવકની ગંભીર હત્યાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે દરોડો પાડીને મુખ્ય આરોપી સુફિયાન સિદ્દીકીની અટકાયત કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસ અનુસાર, મૃતક મનમોહનસિંહ સંજયસિંહ સમયસર દુકાને ન પહોંચતા આરોપી સુફિયાન સાથે મનદુ:ખ થયું હતું. આ બાબતે ઉગ્ર વિવાદ થતાં આરોપી રાત્રે મૃતકના ઘરે પહોંચ્યો હતો અને ગાળાગાળી કરીને તેને બાઇક પર બેસાડી લઈ ગયો હતો. ત્યારબાદ મધુરનગર પાસે આવેલી કેનાલના વહેતા પાણીમાં ધક્કો મારી તેની હત્યા કરી દીધી હતી.

પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી કેનાલમાં ૧૦ કિલોમીટર સુધી શોધખોળ હાથ ધરી મૃતદેહ કબજે કર્યો હતો. ગોરવા પોલીસે આરોપીને ઝડપી પાડી હત્યા પાછળના અન્ય કારણો અંગે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રાજકોટ પોલીસે એક સાથે ત્રણ કેસમાં ૨૯ લાખથી વધુનો ડ્રગ્સ-મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ,તા.૨૮



રાજકોટમાં **SOG**, રેલવે અને પ્ર.નગર પોલીસે અલગ-અલગ દરોડા પાડી નશાના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે.

પહેલા કેસમાં રૈયા રોડ પર દરોડો પાડી પૂજા ભટ્ટ નામની મહિલા પાસેથી રૂ. ૨૩.૮૦ લાખનો ૬૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો જપ્ત કરાયો છે. આ કેસમાં કથિત પેડલર ગૌતમ દવેનું નામ સામે આવતાં તેની શોધખોળ શરૂ કરાઈ છે.

બીજા કિસ્સામાં રેલવે પોલીસે પ્લેટફોર્મ નંબર ૧ પરથી રૂ. ૪.૩૭ લાખની કિંમતનો ૮.૭૫ કિલોગ્રામ ગાંજો ઝડપીને મોરબીના શૈલેન્દ્રકુમાર કુશવાહા અને આરિફ સૈયદની ધરપકડ કરી છે. ત્રીજા કેસમાં પ્ર.નગર પોલીસે સદર બજારમાંથી ઝઘડાની વિગત મળતાં પહોંચી કમલેશ પોપટ નામના શખ્સ પાસેથી રૂ. ૫૧ હજારથી વધુનો હાઈબ્રિડ તથા સૂકો ગાંજો ઝડપી તેની અટકાયત કરી છે. પોલીસે ત્રણેય કેસમાં **NDPS** હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગીર ગઢડાના ફાટસર ગામે કૂવામાંથી સિંહણ અને માદા નીલગાયના મૃતદેહ મળ્યા

ગીર ગઢડા,તા.૨૮



ગીર ગઢડા તાલુકાના ફાટસર ગામમાં વાડીના આશરે ૫૫ ફૂટ ઊંડા કૂવામાંથી સિંહણ અને માદા નીલગાયના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં ગીર પૂર્વ વન વિભાગની જસાધાર રેન્જના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ફાટસર ગામના સુકવણ વિસ્તારમાં ધીરુભાઈ વેકરિયાની વાડીના કૂવામાં સિંહણ અને નીલગાય પડી હોવાની જાણ મંગળવારે સાંજે ૬:૩૦ વાગ્યે વન વિભાગને થઈ હતી. મદદનીશ વન સંરક્ષક કપિલ ભાટિયાની હાજરીમાં તપાસ કરતાં આશરે પાંચથી સાત વર્ષની સિંહણ અને માદા નીલગાયના મૃતદેહ મળી આવ્યા હતા. વન વિભાગની ટીમે બંને મૃતદેહોને બહાર કાઢીને વધુ તપાસ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિના પુરાવા મળ્યા નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બંને વન્યપ્રાણીઓનાં મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. વન વિભાગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૫૫ ફૂટ ઊંડા કૂવામાંથી બંને વન્યપ્રાણીઓના મૃતદેહ બહાર કઢાયા; મોતનું કારણ જાણવા વન વિભાગે તપાસ હાથ ધરી

ગોંડલ તાલુકાના ચોરડી પાસે ત્રણ વાહનો સહિત રૂ. ૫૫.૮૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગોંડલ,તા.૨૮


તસવીર : ભોજાણી દેવાંગ

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાંચે **(LCB)** ગોંડલના ચોરડી ગામની સીમમાં ઉર્જ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે ચાલી રહેલા વિદેશી દારૂના મોટા કટીંગ પર સફળ દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે પીઆઈ જે.પી. રાવની આગેવાનીમાં ટીમે કાર્યવાહી કરી રૂ. ૩૫.૭૯ લાખની કિંમતની વિદેશી દારૂની ૪,૯૮૬ બોટલો (૪૧૪ પેટી) જપ્ત કરી હતી. આ ઉપરાંત સ્થળ પરથી આઈસર, અશોક લેલેન્ડ દોસ્ત, અર્બન ક્રુઝર કાર અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૫૫.૮૯ લાખથી વધુનો જંગી મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે દારૂ મંગાવનાર સોહિલ સલીમભાઈ મડમ, વાહનોના ચાલકો અને દારૂ મોકલનાર અજાણ્યા શખ્સો સામે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે.

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશનની ટીમ જમ્મુ બોર્ડર પર દિવાળી મનાવવા રવાના

સુરત,તા.૨૮



સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબરે બીએસએફ કેમ્પસમાં પ્રતિમાનું અનાવરણ કરાશે

સુરત: સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશનની ટીમ દેશની રક્ષા કરતા બહાદુર જવાનો સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરવા સતત આઠમા વર્ષે જમ્મુ બોર્ડર પર જવા રવાના થઈ છે. આ પ્રસંગે કર્મનાથ મહાદેવ મંદિર ખાતે શહેરના પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિમાં ટીમને ફ્લેગ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ઘનશ્યામ બિરલાએ જણાવ્યું હતું કે ટીમના ૧૨ સભ્યો જમ્મુ બોર્ડર પર તૈનાત જવાનો સાથે દિવાળીની ઉજવણી કરશે. આ દરમિયાન આશરે ૧,૦૦૦ સૈનિકોને મીઠાઈ અને ભેટસોગાદો આપીને તહેવારની ખુશીઓ વહેંચવામાં આવશે. દેશની સરહદોની સુરક્ષા કરતા જવાનો સાથે તહેવાર મનાવવાનો આ પ્રયાસ સૈનિકો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો છે. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબરના રોજ બીએસએફ કેમ્પસમાં તેમની પ્રતિમાનું અનાવરણ પણ કરવામાં આવશે.

ગુજરાતમાં 'ઓપરેશન ગંગાજળ' હેઠળ વધુ બે અધિકારીઓ ફરજિયાત નિવૃત્ત

પંચાયત વિભાગના રાણપુરના TDO એચ. એફ. ભુવાત્રા અને શિહોરના એમ.બી. રાવ સામે કાર્યવાહી

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં ભ્રષ્ટાચાર અને વહીવટી ગેરરીતિઓ સામેની કાર્યવાહી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા 'ઓપરેશન ગંગાજળ' હેઠળ વધુ બે અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે.

આ કાર્યવાહીથી સરકારી તંત્રમાં ચર્ચા જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી **(TDO)** એચ.એફ. ભુવાત્રા અને ભાવનગર જિલ્લાના શિહોરના અધિકારી એમ.બી. રાવ સામે કાર્યવાહી કરવામાં આવી છે. પંચાયત વિભાગના બંને અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાના નિર્ણયને વહીવટી તંત્રમાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૯૧/૨૦૨૬

અરજદાર :- શ્રી સુતરીયા જયસુખભાઈ રવજીભાઈ
રહે.સુરગપુર, તા. જી.અમરેલી.
મો. ૯૧૦૬૯૩૧૨૬૨

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ. સુરગપુર, તા.જિ.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સુરગપુર ગામમાં સુતરીયા જયસુખભાઈ રવજીભાઈ તેઓના માતા કડવીબેન રવજીભાઈ સુતરીયાની મરણ (તા.૨૮/૧૧/૨૦૨૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અંત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અંત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

એમએલસી ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો, ૧૨ બેઠકો પર લડી છતાં ખાતું ન ખૂલ્યું

કર્ણાટક, બિહાર અને મહારાષ્ટ્રમાં કારમી હારથી કોંગ્રેસની મુશ્કેલી વધી, ભાજપે રાહુલ ગાંધી પર કર્યા પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૮



દેશના ચાર રાજ્યોમાં ૨૮ વિધાન પરિષદ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ૧૨ બેઠકો પર ચૂંટણી લડનારી કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી. કર્ણાટકમાં સત્તામાં હોવા છતાં પાર્ટી ખાતું ખોલવામાં નિષ્ફળ રહી હતી. બિહારમાં આરજેડી સાથેના મતભેદો અને મહારાષ્ટ્રમાં નબળા પ્રદર્શનથી કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. બીજી તરફ, ભાજપ અને એનડીએના ઉમેદવારોએ મજબૂત પ્રદર્શન કર્યું હતું.


ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કોંગ્રેસની હારને લઈને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું.

તેમણે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવવાને બદલે કોંગ્રેસે જનતાનો વિશ્વાસ જીતવા મહેનત કરવી જોઈએ. આ પરિણામોથી કોંગ્રેસની રાજકીય સ્થિતિ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

કેન્દ્ર સરકારની સરકારી કર્મચારીઓને દિવાળી ભેટ, મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

નવા દર ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે; ૪૮ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્શનરોને લાભ મળશે

નવી દિલ્હી, તા. ૨૮



કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે દિવાળીની ભેટરૂપે મોંઘવારી ભથ્થા (ડીએ)માં ૩ ટકાનો વધારો જાહેર કર્યો છે. આ વધારા સાથે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પેન્શનરો માટે પણ મોંઘવારી રાહત (ડીઆર)માં ૩ ટકાનો વધારો મંજૂર કરાયો છે. આ નિર્ણયથી અંદાજે ૪૮ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્શનરોને લાભ મળશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે નવા દર ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે. કર્મચારીઓને જુલાઈથી બાકી રકમ પણ મળશે. આ વધારો સાતમા પગાર પંચની ભલામણો અનુસાર મંજૂર ફોર્મ્યુલાના આધારે કરવામાં આવ્યો છે. અગાઉ એપ્રિલ ૨૦૨૬માં બે ટકા અને ઓક્ટોબર ૨૦૨૫માં ત્રણ ટકાનો વધારો કરાયો હતો.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીને મધ્યપ્રદેશથી રાજ્યસભાની પેટાચૂંટણી માટે ભાજપની ટિકિટ

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય જનતા પાર્ટીએ મધ્યપ્રદેશમાં રાજ્યસભાની પેટાચૂંટણી માટે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીને ઉમેદવાર જાહેર કર્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી એલ. મુરુગનના રાજીનામા બાદ ખાલી પડેલી બેઠક માટે ૧૨ નવેમ્બરે પેટાચૂંટણી યોજાવાની છે. હરદીપ સિંહ પુરીનો ઉત્તરપ્રદેશમાંથી રાજ્યસભાનો વર્તમાન કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂર્ણ થઈ રહ્યો છે. ભાજપે તેમને ઉત્તરપ્રદેશમાંથી ફરી ઉમેદવાર બનાવ્યા ન હોવાથી તેમની નવી ઉમેદવારી અંગે ચર્ચા ચાલી રહી હતી. પૂર્વ ભારતીય વિદેશ સેવા અધિકારી પુરીએ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વર્ષ ૨૦૧૪માં ભાજપમાં જોડાયા બાદ તેમણે સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૭માં તેમને કેન્દ્ર સરકારમાં ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો હતો. જુલાઈ ૨૦૨૧માં તેઓ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી બન્યા હતા.

ઉત્તરાખંડ વિધાનસભાનું બે દિવસીય સત્ર વિપક્ષના હોબાળા વચ્ચે થયું પૂર્ણ

ચમોલી, તા.૨૮



ઉત્તરાખંડ વિધાનસભાનું બે દિવસીય સત્ર બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે પૂર્ણ થયું હતું. સત્ર દરમિયાન રૂ. ૭,૮૪૪.૧૮ કરોડનું પૂરક બજેટ અને વિનિયોગ બિલ સહિત કુલ ૧૦ બિલ પસાર કરવામાં આવ્યાં હતાં. સત્રના બીજા દિવસે કોંગ્રેસના ધારાસભ્યોએ ભ્રષ્ટાચાર, પૂરથી સુરક્ષા અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. વિપક્ષના નેતા યશપાલ આર્યની આગેવાનીમાં ધારાસભ્યોએ વિધાનસભા ભવન બહાર ધરણાં પણ કર્યા હતાં. ગૃહમાં ધારાસભ્યો વેલમાં ધસી ગયા, કાળા ધ્વજ લહેરાવ્યા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. અંકિતા ભંડારી કેસનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી.

અંતે વિધાનસભા અધ્યક્ષ રીતુ ખંડુરી ભૂષણે ગૃહને અનિશ્ચિત સમય માટે સ્થગિત કર્યું હતું. સત્રમાં કોટદ્વારમાં માનવ-વન્યજીવ સંઘર્ષ રોકવા માટેની દીવાલ અને સ્થાનિક રહેવાસીઓના નાણાં પરત કરવાના મુદ્દે પણ ચર્ચા થઈ હતી.

બ્રિજભૂષણ સિંહને જવાબ દાખલ કરવા કોર્ટની છેલ્લી તક

નવી દિલ્હી, તા.૨૮

રાઉઝ એવન્યુ કોર્ટે બુધવારે ભૂતપૂર્વ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહને નિર્દોષ છુટકારાને પડકારતી અરજીના જવાબ માટે છેલ્લી તક આપી હતી. તેમના વકીલે જવાબ રજૂ કરવા એક અઠવાડિયાનો સમય માગ્યો હતો.

કેસની આગામી સુનાવણી ૨૦ નવેમ્બરે થશે.મહિલા કુસ્તીબાજે જાતીય સતામણીના કેસમાં બ્રિજભૂષણ સિંહ અને વિનોદ તોમરને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને પડકાર્યો છે. અપીલમાં દલીલ કરવામાં આવી છે કે કોર્ટનો નિર્ણય પુરાવાના ખોટા અને પસંદગીયુક્ત અર્થઘટન પર આધારિત છે. અરજીમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે નિર્ણયમાં પીડિતાઓના વર્તન અંગેના રૂઢિચુસ્ત ખ્યાલોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું કે બ્રિજભૂષણ સિંહને જવાબ રજૂ કરવાની વધુ તક આપવામાં આવશે નહીં.

રાહુલ ગાંધીને દિલ્હીના વેપારીઓનો પત્ર : ટકરાવ નહીં, સંવાદ ઇચ્છીએ છીએ

નવી દિલ્હી, તા.૨૮




દિલ્હીના ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (સીઆઈટીઆઈ) એ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને જણાવ્યું છે કે વેપારીઓ ટકરાવ નહીં, સંવાદ ઇચ્છે છે. સંગઠને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં યોજાનારી ઈન્ડિયા ગઠબંધનની રેલીથી વેપારને અસર થવાની આશંકા વ્યક્ત કરી છે અને રેલી દિવાળી સુધી મુલતવી રાખવા વિનંતી કરી છે.

સીઆઈટીઆઈના અધ્યક્ષ બ્રિજેશ ગોયલે ૨૦ બજારોના ૨૦ વેપારીઓ સાથે બેઠક માટે ૨૦ મિનિટનો સમય માગ્યો છે. રેલીમાં ૧૦ લાખ લોકો આવવાની સંભાવના હોવાથી તહેવારોની મોસમમાં વેપારને નુકસાન થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

સંગઠને અગાઉ ૨૪ ઓક્ટોબરે પણ પત્ર લખ્યો હતો. ગોયલે જણાવ્યું કે બેઠકમાં વેપારીઓ રેલીની સંભવિત અસરો રજૂ કરશે. જો રેલીથી વેપારને નુકસાન થવાની દલીલ યોગ્ય સાબિત થાય, તો તેને દિવાળી સુધી મુલતવી રાખવાની માગ કરવામાં આવી છે.

હજારો વૃક્ષ કાપવાના મુદ્દે આદિત્ય ઠાકરેના પ્રહાર, મહારાષ્ટ્ર સરકાર રાજ્યને રણમાં ફેરવવા માંગે છે


મુંબઈ, તા.૨૮



મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના કર્જતમાં પમ્પ્ડ સ્ટોરેજ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે હજારો વૃક્ષો કાપવાના મુદ્દે રાજકીય વિવાદ વકર્યો છે. શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પ્રહાર કરતાં આક્ષેપ કર્યો કે સરકાર જંગલોનો નાશ કરીને મહારાષ્ટ્રને રણમાં ફેરવવા માગે છે. ઠાકરેએ જણાવ્યું કે કર્જતનો વિસ્તાર પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ છે અને અહીં દુર્લભ વનસ્પતિ તથા વન્યજીવો વસે છે. તેમણે પ્રોજેક્ટનો પર્યાવરણીય અસર મૂલ્યાંકન અહેવાલ અને જાહેર સુનાવણીની વિગતો જાહેર કરવાની માગ કરી હતી. તેમના જણાવ્યા મુજબ, જાહેર સુનાવણીમાં ૧૦૬ લોકોએ અભિપ્રાય આપ્યા હતા, પરંતુ મોટા ભાગના વાંધાઓ અવગણવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. ઠાકરેએ ખેડૂતો અને આદિવાસીઓના જમીન પરના અધિકારોનું સન્માન કરવા તથા તેમની વાત સાંભળવા સરકારને અપીલ કરી હતી.

આજીવન સજા ભોગવી રહેલા આસારામે પેરોલ પુરા થયા બાદ જેલમાં કર્યું આત્મસમર્પણ

જોધપુર, તા.૨૮



સગીર વિદ્યાર્થિનીના જાતીય શોષણના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બુધવારે રાત્રે જોધપુર સેન્ટ્રલ જેલ પહોંચ્યા હતા. ૨૦ દિવસની પેરોલ પૂર્ણ થયા બાદ તેઓ એર એમ્બ્યુલન્સ મારફતે ઇન્દોરથી જોધપુર આવ્યા હતા. જોકે, રાત્રે આશરે ૧૧ વાગ્યે પહોંચતાં જેલમાં પ્રવેશ અંગે વિવાદ સર્જાયો હતો. જેલ પ્રશાસનના જણાવ્યા અનુસાર, સમયસર હાજર ન થવા બદલ જેલ ગાર્ડ બનવારીલાલે રતનદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આસારામ સામે જેલ અધિનિયમની કલમ ૫૮બી હેઠળ કેસ દાખલ થયો છે. આ દરમિયાન જેલની બહાર તેમના સમર્થકોની ભીડ એકઠી થઈ હતી. મોડા પહોંચવાને કારણે તેમની જેલમાં પ્રવેશની પ્રક્રિયા અંગે પ્રશ્નો ઊભા થયા હતા. જોકે, આ મામલે જેલ પ્રશાસનનું સત્તાવાર નિવેદન બહાર આવ્યું ન હતું.

લોસ એન્જલસમાં 'રામાયણ'નો જલવો, કલાકારોના આગમન પર ચાહકોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા

મુંબઈ, તા.૨૮



ફિલ્મ 'રામાયણઃ રાઇઝ ઓફ અ લિજેન્ડ'ના ખાસ પ્રીમિયરનું આયોજન લોસ એન્જલસના એકેડેમી મ્યુઝિયમ ઓફ મોશન પિક્ચર્સ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, દિગ્દર્શક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રા ઉપસ્થિત રહ્યા હતા. કલાકારોના આગમન સમયે ચાહકોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી માતા સીતા અને યશ રાવણની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ભવ્ય નિર્માણ અને આંતરરાષ્ટ્રીય પ્રીમિયરને કારણે દર્શકોમાં ઉત્સુકતા વધી છે.

યુએઈના રાષ્ટ્રપતિએ ૧૮૦ મુસાફરોના જીવ બચાવનાર સ્મીત મચ્છરને સન્માનિત કર્યા

અબુધાબી, તા.૨૮



ફ્લાયદુબઈના કેપ્ટન સ્મીત મચ્છર અને ફ્લાઈટ એફઝેડ ૧૦૭૩ના ક્રૂને મુસાફરોના જીવ બચાવવા બદલ યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાએ સન્માનિત કર્યા હતા. તેમને 'ફર્સ્ટ-ક્લાસ ઓર્ડર ઓફ ઝાયેદ-૨' એનાયત કરવામાં આવ્યો હતો. ૩૦ સપ્ટેમ્બરે દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઈટમાં કો-પાઈલટે કેપ્ટન પર હુમલો કરતાં વિમાનને સાઉદી અરેબિયાના તાબુક તરફ વાળવામાં આવ્યું હતું. ગંભીર પરિસ્થિતિમાં ક્રૂની હિંમત અને સમયસરની કાર્યવાહીથી ૧૮૦ મુસાફરોના જીવ બચ્યા હતા.

સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં અનેક વિસ્ફોટ, હુથી બળવાખોરોની મિસાઈલો તોડી પાડ્યાનો દાવો

રિયાધ, તા.૨૮



સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં ઓછામાં ઓછા ચાર વિસ્ફોટના અવાજ સંભળાયા હતા. સાઉદી અધિકારીઓના જણાવ્યા અનુસાર, હવાઈ સંરક્ષણ દળોએ યમનના હુથી બળવાખોરો દ્વારા છોડવામાં આવેલી બે બેલિસ્ટિક મિસાઈલોને અટકાવી નષ્ટ કરી હતી. મિસાઈલોના કાટમાળથી એક ઈમારત, બાંધકામ સ્થળ અને વાહનને નુકસાન થયું હતું.

હુથી સૈન્ય પ્રવક્તાએ રિયાધમાં સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય અને રાસ તનુરા તેલ રિફાઇનરીને નિશાન બનાવ્યાનો દાવો કર્યો હતો. જોકે, આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નહોતી.

સાઉદી અધિકારીઓએ પૂર્વીય ક્ષેત્ર તરફ છોડવામાં આવેલી અન્ય ત્રણ મિસાઈલો અને દક્ષિણ વિસ્તારને નિશાન બનાવતાં ચાર ડ્રોન તોડી પાડ્યાનો પણ દાવો કર્યો હતો. દરમિયાન, યમનમાં ગેસ સ્ટેશન પર થયેલા હુમલામાં બે લોકોનાં મોત થયાનો હુથી નિયંત્રિત આરોગ્ય મંત્રાલયે આક્ષેપ કર્યો હતો. બંને પક્ષોના કેટલાક દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નહોતી.

ચીન અને ભારત વચ્ચે માલ-સેવાઓનું મુખ્ય બજાર બનાવવાની આશા : પીયૂષ ગોયલ

હેગ, તા.૨૮



કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આશા વ્યક્ત કરી છે કે આગામી વર્ષોમાં ભારત ચીન અને આસિયાન ક્ષેત્રમાં માલસામાન તથા સેવાઓના મુખ્ય નિકાસકાર તરીકે ઉભરી આવશે. તેમણે જણાવ્યું કે ભારત પરસ્પર લાભના આધારે વૈશ્વિક બજારોમાં નિકાસ વધારવા માગે છે.

ગોયલે કહ્યું કે ભારતમાં વધુ વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો સ્થાપવાથી રોજગારી અને વિદેશી હૂંડિયામણની આવક વધશે. કોવિડ સમયગાળા દરમિયાન વિદેશી કામકાજ ભારતમાં મોકલવાના ફાયદા સ્પષ્ટ થયા છે. તેમણે ઉમેર્યું કે વેપાર કરારો કરતાં પહેલાં ઉદ્યોગો અને હિતધારકો સાથે વ્યાપક ચર્ચા કરવામાં આવે છે, જેથી સંવેદનશીલ ક્ષેત્રોનું રક્ષણ થઈ શકે.

ભારત ચિલી સાથે વેપાર કરાર પૂર્ણ કરવાની નજીક છે, જ્યારે કેનેડા સાથેની વાટાઘાટો આગળ વધી રહી છે. મેક્સિકો સાથે પણ ચર્ચા ચાલી રહી છે. દક્ષિણ આફ્રિકાના કસ્ટમ્સ યુનિયન, મર્કોસુર, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ અને ઇઝરાયલ સાથેના વેપાર સંબંધોને આગળ વધારવાના પ્રયાસો પણ ચાલુ છે.

૧૨ પોલીસ અધિકારીઓની અરસ-પરસ બદલી થઈ પરંતુ

અમરેલી જિલ્લામાં દારૂના દુષણ પર ક્યારે રોક લાગશે? લોકોમાં સવાલ

દરેક તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ દેશી દારૂ મળતો હોવાની ગ્રામજનોની રાવ


અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદૃઢ બનાવવા માટે થોડા દિવસ પહેલાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા ૧૨ પોલીસ અધિકારીઓની અરસપરસ બદલી કરવામાં આવી હતી. બદલી પામેલા પોલીસ અધિકારીઓએ પોતપોતાના પોલીસ મથકોનો ચાર્જ પણ સંભાળી લીધો છે. જોકે, જિલ્લામાં દારૂના કથિત બેફામ વેચાણને નિયંત્રિત કરવામાં નવા પોલીસ અધિકારીઓ કેટલા સફળ રહેશે તેવો સવાલ હવે જિલ્લાવાસીઓમાં ચર્ચાઈ રહ્યો છે.જિલ્લામાં દેશી અને વિદેશી દારૂના વેચાણ અંગે સમયાંતરે ફરિયાદો ઊઠતી રહી છે. લોકોમાં થતી ચર્ચા મુજબ, શહેરોથી લઈને ગામડાં સુધી દારૂ સરળતાથી મળી રહેતો હોવાની રાવ સાંભળવા મળે છે. કેટલાક વિસ્તારોમાં દારૂના નશામાં લોકો જાહેરમાં લથડિયાં ખાતા જોવા મળતા હોવાની પણ ફરિયાદો કરવામાં આવે છે. આવી સ્થિતિમાં દારૂના ગેરકાયદે વેચાણ સામે અસરકારક કાર્યવાહી કરવાની જવાબદારી સ્થાનિક પોલીસ તંત્રની છે.સામાન્ય નાગરિકોને દારૂના વેચાણનાં સ્થળો અને વેચાણ સાથે સંકળાયેલા લોકો વિશે જાણકારી હોવાનો દાવો કરવામાં આવે છે. ત્યારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને આવી પ્રવૃત્તિઓ અંગે પૂરતી માહિતી છે કે નહીં અને માહિતીના આધારે કેટલી અસરકારક કાર્યવાહી થાય છે તેવા સવાલો પણ લોકોમાં ઊઠી રહ્યા છે. દારૂના વેચાણ અને હેરાફેરી સામે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરવાને બદલે તેના મૂળ સુધી પહોંચીને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાની માંગ ઊઠી રહી છે.રાજ્યમાં ભૂતકાળમાં દેશી દારૂના સેવનથી અનેક લોકોનાં મોત થયાની ઘટનાઓ સામે આવી ચૂકી છે. આવી દુઃખદ ઘટનાઓ બાદ થોડા સમય માટે કડક કાર્યવાહી થતી હોવાની અને ત્યારબાદ ફરી ગેરકાયદે પ્રવૃત્તિઓ શરૂ થતી હોવાની ફરિયાદો પણ કરવામાં આવે છે. જાહેરમાં દારૂની હેરાફેરી અને વેચાણના કથિત દૃશ્યોના વીડિયો સામે આવતાં આ મુદ્દો વધુ ચર્ચામાં આવ્યો છે.દારૂના નશામાં પકડાયેલા લોકો સામે કાર્યવાહી કરવાની સાથે તેઓ દારૂ ક્યાંથી લાવ્યા હતા અને તેનું વેચાણ કોણ કરે છે તે અંગે તપાસ કરવી પણ જરૂરી છે. વેચાણના સ્ત્રોત સુધી પહોંચીને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી થાય તો ગેરકાયદે દારૂના ધંધા પર નિયંત્રણ લાવવામાં મદદ મળી શકે છે.હાલમાં દિવાળીનો તહેવાર નજીક આવતાં દારૂના ગેરકાયદે વેચાણમાં વધારો થવાની આશંકા પણ લોકો વ્યક્ત કરી રહ્યા છે. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ, તપાસ અને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી અપેક્ષા છે.દારૂના કારણે અનેક પરિવારોને સામાજિક અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની બાબતને ધ્યાનમાં રાખીને જિલ્લાવાસીઓ ઇચ્છી રહ્યા છે કે નવા પોલીસ અધિકારીઓ પોતાના વિસ્તારોમાં દારૂના ગેરકાયદે વેચાણ સામે અસરકારક પગલાં ભરે. હવે પોલીસ તંત્ર આ દિશામાં કેવા પગલાં લે છે અને ગેરકાયદે દારૂના ધંધા પર કેટલો અંકુશ આવે છે તેના પર જિલ્લાવાસીઓની નજર રહેશે.

રાઈડ્સમાં બેસવા મુદ્દે બે શખ્સોએ માર મારતા ઈજાગ્રસ્તને રાજકોટ ખસેડાયો

બાબરાના સ્વદેશી મેળામાં રાઈડ્સ સંચાલક પર ધોકા વડે જીવલેણ હુમલો





અમરેલી,તા.૨૮

બાબરા નગરપાલિકાના પટાંગણમાં યોજાયેલા સ્વદેશી મેળામાં ગત મોડી રાત્રે મારામારીની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. મેળામાં રાઈડ્સ ચલાવતા સંચાલક લાલુસિંગ ચૌહાણ પર બે સ્થાનિક યુવકોએ ધોકા વડે હુમલો કરતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત સંચાલકને સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બાબરા નગરપાલિકાના પટાંગણમાં સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં વિવિધ વેપારીઓ દ્વારા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે, જ્યારે બાળકો અને મુલાકાતીઓના મનોરંજન માટે વિવિધ પ્રકારની રાઈડ્સ પણ ગોઠવવામાં આવી છે. દરમિયાન, ગત મોડી રાત્રે રાઈડ્સમાં બેસવા બાબતે રાઈડ્સ સંચાલક લાલુસિંગ ચૌહાણ અને બે સ્થાનિક યુવકો વચ્ચે બોલાચાલી થઈ હતી. શરૂઆતમાં થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં બંને યુવકો ઉશ્કેરાઈ ગયા હતા અને ધોકા વડે સંચાલક પર હુમલો કર્યો હતો. આ હુમલામાં સંચાલકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા.

મારામારીનો વીડિયો વાયરલ થતાં પોલીસ દોડતી થઈ

સ્વદેશી મેળા જેવા જાહેર સ્થળે બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચા જાગી હતી. મેળામાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોવાથી આ ઘટનાને પગલે લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. ઘટનામાં સંડોવાયેલા યુવકોની ઓળખ અને બનાવની હકીકત જાણવા માટે પોલીસ કાર્યવાહી કરી રહી છે.

લાઠી ડીવાયએસપીએ તપાસની વિગતો આપી

આ અંગે લાઠીના ડીવાયએસપી વિસ્મય માનસેતાનો સંપર્ક કરવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે સ્વદેશી મેળામાં મારામારીના વાયરલ થયેલા વીડિયો અંગે તપાસ કરતાં રાઈડ્સમાં બેસવા બાબતે માથાકૂટ થઈ હોવાનું સામે આવ્યું છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિને સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની ટીમ રાજકોટ પહોંચી ગઈ છે અને ફરિયાદ નોંધવામાં આવી છે. પ્રાથમિક વિગતો મુજબ, આશરે બે વ્યક્તિઓ આ મારામારીમાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા ફરિયાદના આધારે સમગ્ર ઘટનાની તપાસ કરીને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સ્વદેશી મેળામાં બનેલી આ ઘટનાને પગલે જાહેર કાર્યક્રમોમાં સુરક્ષા વ્યવસ્થા અંગે પણ ચર્ચા ઊભી થઈ છે.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ ફરિયાદ માટે રાજકોટ પહોંચી

કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામની સીમમાં શ્રમિક પર દીપડાનો હુમલો

વન વિભાગે દીપડાને પકડવા કવાયત હાથ ધરી

કોડીનાર,તા.૨૮

કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામની સીમમાં આવેલા વાડી વિસ્તારમાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. રાત્રિના સમયે પોતાના ઝૂંપડામાં સૂઈ



તસવીર : કુલદીપ પાઠક

રહેલા મહારાષ્ટ્રના મજૂર યુવાન પર દીપડાએ અચાનક હુમલો કરતાં તેના હાથના ભાગે ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે વાડી વિસ્તારમાં રહેતા મજૂરો અને સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, પેઢાવાડા ગામની સીમમાં વાડી વિસ્તારમાં રહેતો મજૂર યુવાન રાત્રે ઝૂંપડામાં સૂતો હતો. દરમિયાન અચાનક ત્યાં આવી પહોંચેલા દીપડાએ તેના પર હુમલો કર્યો હતો. યુવાને બૂમાબૂમ કરતાં દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવની જાણ થતાં વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને દીપડાને પકડવા માટે સઘન કવાયત હાથ ધરી હતી. વાડી વિસ્તારમાં દીપડાની હાજરીને પગલે મજૂરોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજથી બે દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદની શક્યતા

અમદાવાદ,તા.૨૮

હવામાન વિભાગની નવીનતમ આગાહી મુજબ આગામી ૨૯ અને ૩૦ ઓક્ટોબર દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કમોસમી વરસાદ પડી શકે છે. ૨૯ ઓક્ટોબરે ખાસ કરીને દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લાઓ તેમજ સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે ૩૦ ઓક્ટોબરે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લા સહિત નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ છૂટાછવાયા સામાન્ય વરસાદની શક્યતા દર્શાવાઈ છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, વાતાવરણમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને



વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે રાજ્યના વાતાવરણમાં આ પલટો જોવા મળી રહ્યો છે.

ઉના-વેરાવળ રોડ પર અકસ્માતમાં યુવતીનું મોત

ઉના,તા.૨૮


ઉના-વેરાવળ રોડ પર કેસરિયા અને નાથળ ગામ વચ્ચે આવેલા ખાણિયાધાર વિસ્તાર નજીક ટ્રકની જોરદાર ટક્કરે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ૧૮ વર્ષીય યુવતી પ્રતિજ્ઞાબેન વાળાનું ભાઈની નજર સમક્ષ જ ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માત ઝોન બની ગયેલા આ માર્ગ પર બનેલી ઘટનાથી ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઉનાના વાંસોજ ગામે જમ્યા બાદ ત્રણની તબિયત લથડી, બે વર્ષની બાળકીનું મોત

માતા-પિતા ખાનગી હોસ્પિટલના ICUમાં સારવાર હેઠળ; દીકરીના મોતથી પરિવારમાં શોકનો માહોલ

ઉના,તા.૨૮

ઉના તાલુકાના વાંસોજ ગામમાં ગુવાર-બટેટાનું શાક અને રોટલો ખાધા બાદ એક જ પરિવારના ત્રણ સભ્યોની તબિયત લથડવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં બે વર્ષની બાળકી જીનલનું મોત નીપજ્યું છે, જ્યારે તેના માતા-પિતાની હાલત ગંભીર હોવાથી બંનેને ઉનાની ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વાંસોજ ગામના રહેવાસી રાજેશભાઈ ભગાભાઈ કામળીયા, તેમનાં પત્ની સોનલબેન અને પુત્રી જીનલે રાત્રે ગુવાર-બટેટાનું શાક અને રોટલો ખાધો હતો. ત્યારબાદ ત્રણેયને ઊલટીઓ થવા લાગી હતી. શરૂઆતમાં ગામમાં પ્રાથમિક સારવાર અપાવવામાં આવી હતી, પરંતુ સવારે તબિયત વધુ બગડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. ત્યાં તબીબોએ જીનલને મૃત જાહેર કરી હતી. એકની એક દીકરીના મોતથી માતા-પિતા પર આભ તૂટી પડ્યું છે. સારવાર હેઠળ રહેલાં સોનલબેન આઘાતને



કારણે કશું બોલી શકતાં નથી અને તેમની આંખોમાંથી સતત આંસુ વહી રહ્યાં છે. ઘટનાનું ચોક્કસ કારણ જાણવા તપાસ જરૂરી છે.



